Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 7, Issue:121 Dt.02-03-2022 (Wednesday) સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

ગુજરાત વિધાનસભા બજેટ સત્રનો ધમાલભર્યો પ્રારંભ

વિપક્ષો દ્વારા સતત નારેબાજીથી રાજ્યપાલે પ્રવચન ટુંકાવ્યું: સ્પીકરે શોરબકોર વચ્ચે ૧૫ મિનિટ સુધી ગૃહ મોકુફી જાહેર કરી

ડ્રગ્સ, પેપરલીક, કોરોના સહાય જેવા મુદ્દાઓ પર વિપક્ષનો ભારે દેકારો

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૨

ગુજરાત વિધાનસભાનાં બજેટ સત્રનો આજથી ખૂબ જ ધમાલભર્યો પ્રારંભ થયો છે અને વિરોધ પક્ષનાં સભ્યોએ બજેટ સત્ર શરૂ થતાં વેત વિવિધ મુદ્દાઓ પર ગગનભેદી સુત્રોચ્ચાર શરૂ કરી દેતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રવચન ટૂંકાવી નાખવું પડ્યું હતું. વિપક્ષી સભ્યોએ જબરો ઉહાપોહ બચાવી દેતા એક તબક્કે ગૃહની કાર્યવાહી થોડો સમય મુલત્વી રાખવી પડી હતી. ગોડસેની પૂજા બંધ કરો જેવા સુત્રો વિપક્ષી સભ્યોએ પોકાર્યા હતા. એટલું જ નહીં ડ્રગ્સ કાંડ અને પેપરલીક કૌભાંડ જેવા મુદ્દાઓ પર દેકારો મચાવી વિપક્ષોએ ગૃહમંત્રીનાં રાજીનામાંની જોરદાર માંગણી કરી હતી.

રાજ્યપાલનું પરંપરાગત પ્રવચન શરૂ થયું ત્યાં જ વિપક્ષી સભ્યોએ ગૃહમાં હોબાળો મચાવી દીધો હતો અને જોરદાર સુત્રોચ્ચાર શરૂ કર્યા હતા. કોરોના સહાય, ડ્રગ્સ કાંડ, પોલીસ કમિશનર તોડકાંડ અને પેપરલીક કૌભાંડ જેવા મુદ્દાઓ પર વિપક્ષી સભ્યોએ જોરદાર શોરબકોર શરૂ કરી દીધો હતો. પરિણામે રાજ્યપાલને પ્રવચન ટૂંકાવવું પડ્યું હતું. સ્પીકરે ૧૫ મિનીટ સુધી ગૃહ મોકુફી જાહેર કરવી પડી હતી.

સવારે બજેટ સત્રનાં પ્રારંભે દિવંગત સભ્યોને શ્રધ્ધાંજલિ આપતો ઠરાવ થયો હતો. એ પછી રાજ્યપાલનું સંબોધન શરૂ થતા જ વિપક્ષી કોંગ્રેસનાં સભ્યોએ અને અન્ય વિપક્ષી સભ્યોએ ગૃહમાં ધાંધલધમાલ કરી મૂકી હતી. પરિણામે કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી.

આવતીકાલે ભુપેન્દ્ર પટેલ સરકારનું પહેલું બજેટ રજુ થશે

કિસાનો, મહિલાઓ, શ્રમિકો, નાના–મોટા ધંધાર્થીઓ માટે અનેક નવી યોજનાનો ધોધ વ્હાવી દેવાય તેવી શક્યતાઃ નાણામંત્રી કનુ દેસાઈ અંદાજપત્ર રજુ કરશે

આ રીતે ભારે હંગામા વચ્ચે બજેટ સત્રનો પ્રારંભ થયો છે. આવતીકાલે ભુપેન્દ્ર પટેલ સરકારનું પહેલું બજેટ નાણામંત્રી કનુભાઈ દેસાઈ રજુ કરશે. વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી હોવાથી બજેટમાં કલ્યાણકારી યોજનાઓનો ઢગલો કરી દેવામાં આવે તેવી સરકારની રણનીતિ છે. અંદાજપત્રનું કદ ૨.૩૫ લાખ કરોડથી પણ વધુ હોય શકે છે. અંદાજપત્રનું સત્ર ૩૧ માર્ચ સુધી ચાલશે.

૩૧ માર્ચ સુધીમાં ૧૪મી વિધાનસભાનાં ૧૦માં સત્રની કુલ ૨૫ બેઠકો મળશે. વિરોધ પક્ષોએ પણ અનેક મુદ્દાઓ પર સરકારને ઘેરવાની વ્યૂહરચના ઘડી કાઢી છે. ગૃહમાં રાજ્યપાલનાં ભાષણ પર ચર્ચા થશે, એ માટે ત્રણ બેઠક યોજાશે. જ્યારે પુરક માંગણીઓ અને તેના પર ચર્ચા ૪ બેઠકમાં કરાશે. અલગ- અલગ વિભાગની માંગણીઓ પર ચર્ચા અને મતદાન માટે ૧૨ બેઠક મળશે. વિવિધ ખરડાઓ અને સત્રની કામગીરી અંગે મનોમંથન માટે તથા વ્યૂહરચના માટે આજે બુધવારે બપોરે ૩ કલાકે શાસક પક્ષની બેઠક મળી રહી છે. સરકાર બજેટમાં ખેડૂતો, યુવાનો, મહિલાઓ, શિક્ષણ, નાના ઉદ્યોગો,

(અનુ.પાના નં.૪ ઉપર)

ઉજ્જૈનમાં ૧૦ મિનિટમાં ૧૧.૭૧ લાખ દિવડા પ્રગટાવ્યા

ગીનેસ બુકમાં વિશ્વ વિક્રમ તરીકે પૂજાવિધિને સ્થાનઃ એકસાથે લાખો માટીનાં દિવડાથી નગર ઝળહળી ઉઠ્યું

(એજન્સી સમાચાર)

ઉજ્જૈન, તા.૨

મહાકાલનાં એકમાત્ર મંદિરનાં તીર્થસ્થાન તરીકે વિખ્યાત ઉજ્જૈનમાં મહાશિવરાત્રી પર્વ નિમિતે અનોખી ઉજવણી કરીને નવો વિશ્વ વિક્રમ સ્થાપવામાં આવ્યો હતો. મહાશિવરાત્રી પર્વ નિમિતે માટીનાં એકસાથે ૧૧.૭૧ લાખ દિવડાનું પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ સિધ્ધિ નિહાળવા માટે ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સની ખાસ ટીમ પણ હાજર રહી હતી. વિશ્વ વિક્રમ તરીકે ગીનેસ બુકમાં શિવજ્યોતિ અર્પણ મહોત્સવની નોંધ કરવામાં આવી હતી અને વિશ્વ વિક્રમનું સર્ટિફિકેટ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણને સુપ્રત કરવામાં આવ્યું હતું.

મહાશિવરાત્રીની અનોખી ઉજવણીનો અનોખો વિશ્વ વિક્રમઃ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને પરિવારની ખાસ હાજરી

મુખ્યમંત્રી ચૌહાણ અને એમના ધર્મપત્ની સાધના સિંઘે સૌપ્રથમ ૧૧ દિવડા પ્રગટાવ્યા હતા. ત્યારબાદ હજારો શિવભક્તોએ એકસાથે માટીનાં દિપ પ્રગટાવતા ઉજ્જૈન ઝળહળી ઉઠ્યું હતું. પાંચ ડ્રોન કેમેરાથી આ વિધિનો વિડીયો લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહાકાલ મંદિરે ભક્તોનો જંગી માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. એકલા મંદિર પરિસર પર ૫૧

(અનુ.પાના નં.૪ ઉપર)

દેશની અગ્રીમ દૂધની ડેરી દ્વારા ભાવવધારાથી ભારે ઉહાપોહ

દૂધનાં લીટર દીઠ ભાવવધારી દેતી અમૂલ, પરાગ, વેરકા ડેરીઃ ગૃહિણીઓનાં રસોડાનાં બજેટ પર નવો બોજો આવતા ભારે વિરોધ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨

દેશની અગ્રણી ડેરી કંપનીઓ દ્વારા દૂધનાં ભાવમાં ઉપરા ઉપર એકસાથે વધારો કરવામાં આવતા ભારે ઉહાપોહ મચી જવા પામ્યો છે. જાણીતી ડેરી કંપની અમૂલ, પરાગ અને વેરકા ડેરી દ્વારા દૂધનાં ભાવમાં પ્રતિ લીટર રૂ.બે નો વધારો ઝીંકી દેવાયો છે. પરિણામે પરિવારોનાં રસોડાનાં બજેટ પર નવો બોજો આવતા ચારેતરફથી વિરોધનાં પોકારો ઉઠી ગયા છે.

અમૂલ મિલ્ક અને અન્ય પ્રોડક્ટનું માર્કેટિંગ કરતા ફેડરેશનનાં મુખ્ય અધિકારી જયેન મહેતાએ એવું કારણ આપ્યું છે કે, વિજ દરમાં વધારો, પેકેજીંગનો વધુ ખર્ચ તેમજ દુધાળા ઢોરનાં નીરણ તથા ખોરાકનાં ભાવ વધી ગયા હોવાથી ડેરીઓને ભાવ વધારવાની ફરજ પડી છે. કેમકે ઉત્પાદન ખર્ચ વધી રહ્યું છે. તે કારણે આકરો ભાવવધારો કરવો પડ્યો છે.

છેલ્લા બે વર્ષથી બિસ્કીટ, ઠંડાપીણા, ડિટર્જન્ટ પાવડર સહિતની તમામ ચીજ- વસ્તુઓનાં ભાવોમાં એકધારો વધારો થઇ રહ્યો છે. અધુરામાં પૂરું દૂધનો ભાવવધારો આવી પડતા લાખો પરિવારોનાં બજેટ ખોરવાઈ જવાની શક્યતા છે. અમૂલ કંપનીએ ૨૦૨૦ માં દૂધનાં ભાવ વધાર્યા ન હતા. એ પછી પહેલીવાર ૨૦૨૧ માં અમૂલે લીટર દીઠ રૂ. બે નો ભાવવધારો જાહેર કર્યો હતો. હવે ફરી રૂ. બે વધારી દેવાયા છે. જેનાથી એમઆરપી માં ૪ ટકા જેવો વધારો થવાની શક્યતા છે.

પરાગ ડેરીએ છેલ્લા ત્રણ વર્ષ બાદ પહેલીવાર દૂધ અને દૂધની પ્રોડક્ટમાં ભાવવધારો જાહેર કર્યો છે. ખરીદી પર અપાતા તમામ ડિસ્કાઉન્ટ પણ કંપનીએ બંધ કર્યા છે. સતાવાર આંકડા મુજબ ભારતીયો દર વર્ષે અંદાજે ૮ કરોડ ૩૦ લાખ ટન દૂધ ગટગટાવી જાય છે. દેશમાં સૌથી વધુ વપરાશ ધરાવતા

(અનુ.પાના નં.૪ ઉપર)

યુરોપનાં યુધ્ધની ઈફેક્ટ, સેન્સેક્સમાં ૯૧૮ પોઈન્ટનું ગાબડું

કુગાવાનો ભય વધી જતા ક્રુડ તેલનાં ભાવો આસમાને, બેરલ દીઠ ૧૧૦ ડોલર

નિફ્ટીમાં પણ ૨૨૮ પોઈન્ટનો કડાકોઃ પ્રાઈમ શેરોમાં ભાવ ઘટાડો

(એજન્સી સમાચાર)

મુંબઈ, તા.૨

રશિયા અને યુક્રેન વચ્ચેનાં યુધ્ધની ગંભીર અસરો ભારત સહિત વિશ્વનાં અર્થતંત્ર પર હવે થઇ રહી છે. આજે શેરબજારમાં ભારે મંદીનું વલણ જોવા મળ્યું હતું અને સેન્સેક્સમાં ૯૧૮ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. જયારે નિફ્ટી ૨૨૮ અંક ઘટી જતા ૧૭ હજારથી નીચી સપાટી પર ચાલી રહ્યો હતો. પેટ્રોલ- ડીઝલનાં ભાવમાં પણ ભારે વધારો જોવા મળી રહ્યો છે. અત્યારે ફુડ તેલનો ભાવ બેરલ દીઠ ૧૧૦ લીટર જેવો થઇ ગયો છે.

શેરબજારોમાં સવારે સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં કડાકો બોલી ગયો હતો. ૯૧૮ પોઈન્ટ ઘટીને સેન્સેક્સ ૫૫૩૨૯ અંક પર કારોબાર કરી રહ્યો છે. જયારે નિફ્ટી ૨૨૮ પોઈન્ટ ઘટીને ૧૬૫૬૫ અંક પર સ્થીર થયો છે. મુંબઈ શેરબજારનો સેન્સીટી ઈન્ડેક્ષ અત્યારે ૫૫૩૪૫ પર કામ કરી રહ્યો છે. નીચામાં નીચો ૫૫૨૭૨ થયો હતો.

ભારતીય શેરબજારોમાં કોટક મહિન્દ્રા, આઈસીઆઈસીઆઈ બેંક, એશિયન પેઈન્ટ્સ તથા એચડીએફસી નાં શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. તો બીજીતરફ ટાટા સ્ટીલ, એમએન્ડએમ, રિલાયન્સ, પાવર ગ્રીડ તથા એન્ટીપીસીનાં શેરોમાં વધારો જોવા મળ્યો હતો.

યુધ્ધની અસરને કારણે વિશ્વ અને ભારતીય બજારોમાં ફુડ તેલનાં ભાવોમાં ભડકો થયો છે. અત્યારે ફુડ ઓઈલનો ભાવ બેરલ દીઠ ૧૧૦ ડોલરની સપાટી પર પહોંચી ગયો છે. બ્રેન્ટ ફુડનો ભાવ ૧૧૧ ડોલરને આંબી ગયો છે. આવી તેજીને કારણે ભારતમાં પેટ્રોલ- ડીઝલનાં ભાવ ભડકી ઉઠશે તેમ લાગે છે.(૨.૧૨)

કીવમાં એકમાત્ર ભારતીય રેસ્ટોરાં સાથિયા બન્યું તારણહાર

ભારતીયો સહિત દરેક ફસાયેલા નાગરિકો માટે ગુજરાતનાં મનીષ દવેએ દ્વાર ખોલ્યાઃ સેંકડો લોકોનો બચાવ કરવામાં ગુજરાતી રેસ્ટોરાં માલિકની સાહસભીની ભૂમિકા

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨

રશિયાનાં ભયાનક આક્રમણથી હચમચી રહેલા યુક્રેનની રાજધાની કીવમાં એક ગુજરાતીએ માનવતાની મશાલ પ્રગટાવીને હજારો લોકોનાં જાન બચાવી એ કહેવત સાર્થક કરી છે કે, નજ્યાં- જ્યાં વસે ગુજરાતી, ત્યાં-ત્યાં સદાકાળ ગુજરાતથ: યુધ્ધ ગ્રસ્ત કીવમાં રેસ્ટોરાં ચલાવતા મૂળ ગુજરાતનાં ૫૨ વર્ષીય સાહસિક મનીષ દવેએ ફસાયેલા લોકો માટે એમના રેસ્ટોરાંનાં દ્વાર ખોલી નાખ્યા છે. આ રીતે એમના રેસ્ટોરાંનું સાથિયા નામ એમને સાર્થક કરી બતાવ્યું છે.

યુક્રેનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ રેસ્ટોરાં ખોલવામાં આવ્યું હતું. પરંતુ યુધ્ધ ફાટી નીકળતા હાલ આ રેસ્ટોરાં બંધ છે. જેને આ સાહસિક ગુજરાતી મનીષ દવેએ લોકો માટે આશ્રયસ્થાન બનાવી નાખ્યું છે. માત્ર ભારતીયો નહીં કોઈપણ નાગરિકને બચવા માટે રેસ્ટોરાંમાં પ્રવેશ આપી આશરો આપવાની સાથે- સાથે મનીષ દવે ભોજન પણ પીરસે છે. બોમ્બ, રોકેટનાં વરસતા વરસાદ વચ્ચે લોકોનાં જાન બચાવવા માટે ઝઝૂમી રહેલા આ ગુજરાતી સાહસિકની ગાથા વિશ્વનું ધ્યાન તો ખેંચી રહી છે પણ ગુજરાત અને ભારતને પણ ગૌરવ અપાવી રહી છે. મનીષ દવેએ બધાને ટેલીગ્રામ સંદેશો આપ્યો છે કે, ભારતનાં કે કોઈપણ દેશના નાગરિક માટે માટ્ર રેસ્ટોરાં ખુલ્લું છે. બચવા માટે મેં મારા રેસ્ટોરાંને તૈયાર કર્યું છે. કોઈને કોઈ સલામત જગ્યા ન મળે તો મારા રેસ્ટોરાંનાં ભોય તળિયા સુધી આવી શકે છે. અમે આવનારા બધાને ભોજન પણ પીરસવાના પ્રયાસો કરી રહ્યા છીએ. સલામ છે આ નરબંકા ગુજરાતીને.(૨.૧૨)

ભારતનું 'ઓપરેશન ગંગા' વેગવાન, યુક્રેનની રાજધાની કીવમાંથી તમામ ભારતીયોને બહાર ખસેડાયા

છેલ્લા ૨૪ કલાકમાં ૬ ફ્લાઈટ રવાના કરાઈઃ કુલ ૧૩૦૦ થી વધુ ભારતીયોનું રેસ્ક્યુ કરી લેવાયું

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨

રશિયા સાથે યુધ્ધ લડી રહેલા યુક્રેનમાંથી ભારતીયોને બહાર લાવવાના સૌથી મોટા દિલધડક રેસ્ક્યુ ઓપરેશન ગંગાને ભારતે વાવાઝોડાની ગતિ આપી કીવમાંથી તમામ ભારતીયોને બહાર કાઢી લેવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં પોલેન્ડ સહિત ૬ ફ્લાઈટ રવાના કરાઈ છે.

આવતા ત્રણ દિવસ દરમ્યાન ભારત ૨૬ વિમાનો મોકલશે. રોમાનિયા, હંગેરી, પોલેન્ડ અને સ્લોવાક રિપબ્લિકમાંથી ભારતીય નાગરિકોને વતન પરત લાવવામાં આવી રહ્યા છે. એ તમામ દેશોની હવાઈ સીમાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વિદેશ સચિવ હર્ષ વર્ધને જણાવ્યું હતું કે, કીવમાં હવે એકપણ ભારતીય મોજુદ નથી. રશિયાએ રહેણાંક વિસ્તારો પર આક્રમણ શરૂ કરી દીધું

(અનુ.પાના નં.૪ ઉપર)

ચુક્રેન યુધ્ધથી સૌથી મોંઘુ ખાદ્યતેલ બનતું પામ ઓઈલ

સૂર્યમુખી તેલનો પુરવઠો અટકી પડતા ભાવમાં વધારાથી હલચલ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભયાનક યુધ્ધને પરિણામે યુક્રેનથી આવતો સુર્યમુખી તેલનો પુરવઠો અટકી પડ્યો હોવાથી ભારતમાં સિંગતેલ સહિત ચારેય મુખ્ય ખાદ્યતેલનાં ભાવોમાં ભડકો થયો છે. સૌથી વધુ મોંઘ પામ ઓઈલ બન્યું છે અને તેના ભાવમાં દિવસે- દિવસે વધારો થઇ રહ્યો છે. ચાર ખાદ્યતેલમાં પામ ઓઈલની ભાવસપાટી સૌથી વધુ થઇ ગઈ હોય તેવું પહેલીવાર બન્યું છે.

યુક્રેનથી આવતા સનફ્લાવર ખાદ્યતેલનો પુરવઠો અટકી પડ્યો છે. અત્યારે ફુડ પામ ઓઈલનો ભાવ એક ટન દીઠ ૧૯૨૫ ડોલર સપાટીને સ્પર્શી ગયો છે. થોડા દિવસો પહેલા જ ફુડ સોયાબીન ઓઈલનો ભાવ પ્રતિ ટન ૧૮૬૫ ડોલર હતો. હવે પામ ઓઈલનો ભાવ તેનાથી પણ આગળ નીકળી ગયો છે. સુરજમુખી તેલથી પણ પામ ઓઈલની કિંમતો વધી ગઈ એ ભાવવધારાનો નવો ઈતિહાસ છે.

વિશ્વમાં સુર્યમુખી તેલનાં કુલ ઉત્પાદનનો ૬૦ ટકા હિસ્સો યુક્રેન સહિતનાં કાળા સમુદ્રનાં વિસ્તારમાં આવતા દેશો ધરાવે છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

યુપીમાં કાલે છઠ્ઠા તબક્કાની ૫૭ બેઠકોનું મતદાન

૫૭માંથી ૧૧ અનામત બેઠકોઃ અગાઉ ૪૬ પર જીત મેળવી હોવાથી ભાજપ માટે આ તબક્કો વધુ મહત્વનો

(એજન્સી સમાચાર)

લખનઉઃ ઉત્તર પ્રદેશમાં છઠ્ઠા તબક્કાના મતદાન પૂર્વે ચૂંટણી પ્રચાર પડઘમ શાંત પડ્યા હતા. છઠ્ઠા તબક્કામાં કુલ ૫૭ બેઠકો પર ત્રણ તારીખે મતદાન યોજાશે. જેમાં યોગી આદિત્યનાથના મત વિસ્તાર ગોરખપુર શહેર બેઠકનો પણ સમાવેશથાય છે. આ તબક્કામાં વધુ ૧૦ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. આ જિલ્લાઓમાં આંબેડકરનગર, બલરામપુર, ગોરખપુર, કુશીનગરનો પણ સમાવેશથાય છે. મુખ્ય ચૂંટણી ઓફિસર અજય કુમાર શુકલાએ છઠ્ઠા તબક્કાનો ચૂંટણી પ્રચારનો સાંજે છ વાગ્યે અંત આવ્યો છે.

મોકાની ઓફીસ વેચવાની છે

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant
SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

WhatsApp કરો તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

ગરમી મે ઠંડક કા અહેસાસ; શહેરની બજારોમાં તરબૂચની ધુમ આવક

(તસવીરઃ દિલીપ ગોહેલ)

તરબૂચની જબરી આવક થતાં યાર્ડ તરબૂચથી ઉભરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)રાજકોટઃ ઊનાળાના ધોમધખતા તાપમાં ઠંડક આપતા મીઠામધુરા તરબૂચ બજારમાં ધૂમ આવક થઈ રહી છે. રાજકોટની જૂની માર્કેટિંગ યાર્ડ ખાતે તરબૂચની જબરી આવક થતાં યાર્ડ તરબૂચથી ઉભરાઈ ગયું હતું. ઉનાળામાં સૌથી વધુ જેની રાહ જોવામાં આવે છે તેવું આ ફળ તરબૂચ હવે હંમેશાં મળે છે. તમામ પ્રકારનાં ફળો અને શાકભાજીનો ઉપભોગ ઘણા લાંબા સમયથી કરવાથી જીવનશૈલી સાથે સંબંધિત આરોગ્યની તકલીફોનું જોખમ ઘટી જાય છે. ઘણા અભ્યાસો સૂચવે છે કે વિવિધ વનસ્પતિજન્ય આહાર-પ્લાન્ટ ફૂડ્સ-ના વધતા વપરાશથી મેદસ્વીતા અને એકંદર મૃત્યુદર, ડાયાબિટીસ અને હૃદય રોગનું જોખમ ઘટે છે. .તરબુચના ફાયદા ઘણા બધા છે.બળતરા ઘટાડે છેઃ તરબૂચ લાયકોપીન (એન્ટીઑકિસડન્ટો)નો સારો સ્રોત છે જે બળતરા ઘટાડવામાં મદદ કરે છે. બેલેન્સનું ઇલેક્ટ્રોલાઇટ બેલેન્સ કરે છેઃ એવું કહેવામાં આવે છે કે તરબૂચની સ્લાઇસીસ અથવા જ્યુલીસ સ્પોર્ટ્સના ખેલાડીઓને ગરમીને કારણે તેમના શરીરના ઇમબેલેન્સ થતા ઇલેક્ટ્રોલાઇટને બેલેન્સ કરવામાં મદદ કરે છે છે. તે સોડિયમ અને પોટેશિયમનો સારો સ્રોત છે.શરીર હાઇડ્રેટ રાખેઃ તરબૂચમાં ૯૦% પાણી છે, જે તેને હાઇડ્રેશનનો શ્રેષ્ઠ સ્રોત બનાવે છે. તે એક કુદરતી સ્રોત છે, તે કિડની પર ભાર મૂક્યા વગર પેશાબમાં વધારો કરે છે.સ્નાયુના દુખાવાનો ઘટાડોઃ તરબૂચમાં એમિનો એસિડ સરટચુલીન (લેક્ટિક એસીડ દૂર કરવાની પ્રક્રિયા જે કસરતની હાઇ ઇન્ટેનસ દરમિયાન બને છે) હોય છે જે સ્નાયુને દુખાવાથી રાહત આપવામાં મદદ કરે છે.ત્વચાના ટેક્સ્ચરમાં સુધારોઃ તરબૂચ કોલેજન સિન્થેસિસ માટે જરૂરી ન્યુટ્રીઅન્ટ એવા વિટામિન સીનો સારો સ્રોત છે. (કોલેજન ત્વચાની ઇલેસ્ટિસિટી જાળવી રાખે છે અને વાળને મજબૂત બનાવે છે.વજનમાં ઘટાડોઃ પાણીનું વધારે પ્રમાણ હોવાના કારણે, તડબૂચ તમને ઓછી કેલરીમાં પણ તૃપ્ત કરે છે. પાણી મેટાબોલિઝમની ઝડપમાં વધારો કરે છે અને ઝેર અને ચરબીનો નિકાલ કરે છે, જે આખરે વજન ઘટાડે છે.હીટ સ્ટ્રોક થતો અટકાવે છેઃ તડબૂચ એ થોડા ફળોમાંથી એક છે જે ગરમી દૂર કરે અને તરસ મટાડે છે. તે હીટ એક્ઝોશનને પણ દૂર કરે છે, જેના માટે તડબૂચની છાલને ઉપયોગમાં લેવાય છે.

સાત દાયકા પછી ગીર જંગલનાં આકાશમાં ઉડતા દેખાશે ચિલોત્રો જાતિનાં પક્ષી

ગીરમાંથી ગાયબ થઇ ગયા બાદ ફરી કુદરતનાં સુંદર સર્જન સમાન પક્ષીને વસાવવાના પ્રયાસોઃ વન વિભાગ દ્વારા ૨૦ ભારતીય દૂધરાજ પક્ષીઓની જોડી ગીર નેશનલ પાર્કમાં ઉડતી કરાઈ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨

ગ્રે હોર્નબિલ પક્ષી એટલે કે જેને આપણે દેશી ભાષામાં ચિલોત્રો અથવા તો દૂધરાજ પક્ષી તરીકે ઓળખીએ છીએ. એ પક્ષીઓ સાત દાયકા પહેલા ગીરનાં જંગલની શોભા બન્યા હતા. પણ ૧૯૩૬ પછી ગીર જંગલમાંથી વિભાગ દ્વારા ૨૦ જેટલા ગ્રે હોર્નબિલ પક્ષી ગીર નેશનલ પાર્કમાં છોડવામાં આવ્યા છે. જેથી કરીને ફરી એમને ગીરમાં વસાવી શકાય. એક સમયે ગીરમાં હજારોની સંખ્યામાં ચિલોત્રો જાતિનાં પક્ષીઓ ગીરનાં આકાશમાં ઉડાઉડ કરતા રહેતા હતા.

વન વિભાગનાં નાં. સંરક્ષક જૂનાગઢ વન વિભાગનાં મુખ્ય સંરક્ષક દુષ્યંત વસાવડાએ જણાવ્યું હતું કે, ગીર જંગલમાં વધુ ૨૦ હોર્નબિલ છોડવાનું આયોજન છે. આગામી ૩ થી ૪ વર્ષમાં આ પક્ષીઓની વસ્તી વધી જવાની સંભાવના છે. એમની સંખ્યા એટલે હોર્નબિલની ૫૦૦ જોડી થઇ જાય એ પછી તેના નામ શેષ થવાનો ડર ભજવી શકે છે. એટલે આ જાતિનાં પક્ષીઓને ગીર વિસ્તારમાં ફરીથી વસાવવા જોઈએ. મુંબઈની નેચરલ હિસ્ટ્રી સોસાયટીનાં વૈજ્ઞાનિક દુષ્યંત પારાસરે જણાવ્યું હતું કે, ચિલોત્રો એટલે કે દૂધરાજ પક્ષી (હોર્નબિલ) એ મૂળભૂત રીતે ફળ ખાઈને જીવતું પક્ષી છે. વિશાળકાય વૃક્ષો તેના વસવાટ માટે જરૂરી છે. ફળ- ફળાદીની શોધમાં આ પક્ષીઓ લાંબા અંતર સુધી પ્રવાસ કરવા ટેવાયેલા હોય છે. આથી સમગ્ર પર્યાવરણ વ્યવસ્થાને ખૂબ જ મદદરૂપ બને છે. ઠેરઠેર તેની હગાર વેરાયેલી હોય છે. જેનાથી ઇકો સિસ્ટમને ખૂબ જ મદદ મળે છે. માદા હોર્નબિલ એમના સંવનનકાળમાં માત્ર બે ઈંડા મુકતી હોય છે. આથી તેનો કાળજીપૂર્વક ઉછેર કરવાથી સમગ્ર પર્યાવરણ વિસ્તારને સમૃધ્ધ અને શુધ્ધ બનાવી શકાય છે.(૨.૧૨)

૧૯૩૬ની સાલમાં ગીર પંથકમાં સેંકડો ચિલોત્રો પક્ષી હતા પણ બાદમાં અચાનક ગાયબ થઇ ગયા હતા

આ સુંદર પક્ષી એકાએક અલોપ થવા લાગ્યા હતા અને ગીરમાંથી નામ શેષ થઇ ગયા હતા. હવે ફરીથી એમને ગીર નેશનલ પાર્ક અને સાવજ અભ્યારણમાં વસાવવાના પ્રયાસો વેગવાન બનાવવામાં આવ્યા છે. તાજેતરમાં વન મોહનરામે જણાવ્યું હતું કે, વિશ્વભરમાં હોર્નબિલની શોષણ જેટલી જાતિઓ જોવા મળી છે. જેમાંથી ૪૮ ટકા જાતિઓ લુપ્ત થવાના આરે છે. ૧૦ પ્રકારનાં ચિલોત્રો પક્ષી એટલે કે દૂધરાજ ભારતીય ખંડમાં જોવા મળે છે.

સદ્‌ગત પક્ષી શાસ્ત્રી ધર્મકુમારસિંહજીએ એક સમયે સરકારને પણ એવું સૂચન કર્યું હતું કે, ગીર જંગલની સમગ્ર ઇકો સિસ્ટમ માટે ચિલોત્રો ખૂબ જ મહત્વની ભૂમિકા રહેશે નહીં.

સ્કિલ ગુજરાતનો મંત્ર સાકાર કરવા ટાટાનો સહયોગ

કેન્દ્રીય મંત્રાલય, રાજ્ય સરકાર, કંપની વચ્ચે ત્રિ-પક્ષીય કરારઃ રાજ્યની સ્કિલ ઇકો સિસ્ટમને સુદ્રઢ બનાવી યુવાનોને સજ્જ કરાશે

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૨

ગુજરાતનાં યુવા ધનનું હુન્નર વિકસાવવા માટે કેન્દ્ર, રાજ્ય સરકાર અને ટાટા કંપની વચ્ચે થયેલા ખૂબ જ મહત્વનાં ત્રિ-પક્ષીય કરારને પગલે ગુજરાતનાં યુવાનોનાં કૌશલ્ય વિકાસની સોનેરી તક ઉભી થઇ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કેન્દ્રનાં સ્કિલ ડેવલોપમેન્ટ એન્ડ એન્ટરપ્રેનીયોરશિપ મંત્રાલય તથા ટાટા ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ સ્કિલ્સ વચ્ચે આ કરાર સંપન્ન થયો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સ્કિલ ઇન્ડિયા મિશન અંતર્ગત અમદાવાદમાં ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ સ્કિલ્સ સ્થાપવામાં આવશે. જેથી કરીને ગુજરાતની સ્કિલ ઇકો સિસ્ટમ વધુ મજબુત બનશે. યુવાનોનાં કૌશલ્યને વિકસાવવા માટે આ કરાર મહત્વનો બની રહેશે. હસ્તાક્ષર સમયે રાજ્યનાં શ્રમ અને રોજગાર મંત્રી બ્રિજેશ મેરજા પણ હાજર રહ્યા હતા.

ગુજરાતમાં સ્થપાનાર નવી સંસ્થામાં ગુજરાતનાં વિદ્યાર્થીઓને નવિનતમ ટેકનોલોજી અને ઉપકરણો સાથે વિશ્વ કક્ષાની સર્વશ્રેષ્ઠ તાલીમ અને શિક્ષણ મળી રહેશે. ઉદ્યોગો સાથે સંકળાયેલ પધ્ધતિ, ઉપકરણોનું આધુનિક જ્ઞાન અને તાલીમ મળે એ માટે ઉદ્યોગો સાથે જોડાણ પણ કરવામાં આવશે. આઈઆઈએસ અમદાવાદની આધુનિક સંસ્થાનું ગાંધીનગર પાસે નિર્માણ કરાશે. એ માટે સરકારે ૨૦ એકર જમીન ફાળવી છે.(૨.૧૨)

રૈયાગામે લઘુશંકા કરવા જવાના બહાને પરિણીતાને ઓરડીમાં લઇ જઇ દુષ્કર્મ

પરિણીતાએ પતિને જાણ કરી રાજસ્થાન જઇ પરિવારને વાત કરી અને ત્યાં રાજસ્થાન પોલીસે અરજી લઈ રાજકોટ રીફર કરતા બન્ને સામેં ફરિયાદ નોંધાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨

રાજકોટના રૈયાગામમાં રહેતી મહિલાએ ફરિયાદમાં રાજકોટમાં રહેતા અને મૂળ રાજસ્થાનના પીઠાપુરના વતની મોહન ડામોર અને ખાતુ ડામોરનું નામ આપતા બંને સામે કલમ ૩૭૬,૫૦૬(૨),૧૧૪ હેઠળ કાર્યવાહી કરી હતી. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, મોહને ઉશ્કેરાઈ પરિણીતાના વાળ પકડી બળજબરીથી તેની ઓરડીમાં લઈ જઇ અને દરવાજો અંદરથી બંધ કરી બળજબરીથી શરીર સબંધ બાંધ્યો અને હોઠ પર બટકું ભરી લીધું:બનાવની જાણ મોહનના ભાઈ ખાતુને કરી તો તેણે કહ્યું મોહને જે કર્યું તે બરાબર કર્યું આ વાત કોઈને કહીશ તો રાજકોટ અને રાજસ્થાનમાં બદનામ કરી દઈશ અને જાનથી મારી નાખીશ સાંજના પતિ તથા દીયર ઘરે આવતા આ બાબતની મે વાત કરેલી જેથી મારા પતિએ આ અંગે મારા સસરાને કરતા મારા સસરાએ અમોને ત્યા આવી જવા કહ્યું હતું. ત્યારબાદ અમે તા.૦૮/૦૧ ના રોજ અમારા વતન રાજસ્થાન જતા રહેલા અને ત્યા અમો પરીવારજનો નક્કી કરી પોલીસ ફરીયાદ કરવાનું નક્કી કરતા તા.૧૧/૦૧ ના રોજ અમો બધા આનંદપુરી પોલીસ સ્ટેશન ગયેલા પરંતુ ત્યાના સાહેબે બનાવ રાજકોટ નો હોય ત્યાં ફરીયાદ કરવાનું સમજાવતા આ બાબતની અ મોએ લેખીત અરજી લખી પોસ્ટ કરેલી જે અરજી આધારે રાજકોટ યુનિવર્સિટી પોલીસે બોલાવી બંને સામે ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસના પીઆઇ એ.એસ.ચાવડા અને રાઇટર ગીરીરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફે બંને આરોપીને પકડી લેવા તજવીજ આદરી છે.(૪)

જેતપુરના ચાવરામાં જુગાર રમતા દસ ઝડપાયા

રૂ. ૧૧ હજારની રોકડ જપ્ત

રાજકોટ, તા.૨

જેતપુરના ચાવરા ગામે જાહેરમાં તીનપતીનો જુગાર રમતા દસ શખ્સોને

રૂ. ૧૧ હજારની રોકડ સાથે જેતપુર તાલુકા પોલીસે દબોચી લીધા હતા. જુગારના દરોડાની વિગત મુજબ જેતપુર તાલુકા પોલીસ મથકના એએસઆઇ બી.એચ.માલીવાડ તથા કોન્સ્ટેબલ રાજુ ભાઇ મકવાણા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે જેતપુરના ચાપરા ગામે જાહેરમાં તીનપતિના જુગાર રમતા દિલુ ઘોસા માંજરીયા, યોગીરાજ, હરસુખ ગટુ ચાંક, જીતુ આલીગ હુંબલ, અરવિંદ જીણા નંદાણીયા, રમેશ મુળજી ખારચીયા, પ્રવિણ ગોકળ વધાસીયા, પંકજ પરસોતમ સાવલીયા, નિલેશ નાનુ (રહે. તમામ જેતપુર) અને યોગીરાજ રામકુ કાઠી (રહે. અમરનગર, જેતપુર)ને રૂ. ૧૧ હજાર સાથે દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

રામામંડળમાં ગાદલા પર બેસવા બાબતે બઘડાટી બોલી : પરિણિતા ઉપર ધારીયાથી હુમલો કરાયો

ઘટનામાં મહીલાના ચાર દાંત પડી ગયા, જડબામાં ફેકચર, હોઠ ઉપર ધારીયું લાગતા ચાર ટાંકા આવ્યા : સારવારમાં

રાજકોટ: વિંછીયાના અજમેરા ગામે રામામંડળ ચાલુ હતું ત્યારે જ બઘડાટી બોલી જતા થોડીવાર અપરાતફરીનો માહોલ સર્જાયો હતો. મળતી વિગત મુજબ અજમેરાના જ બે શખ્સો વિંછીયાથી રામામંડળ જોવા આવેલી પરિણીતા ઉપર ધારીયા વડે હુમલો કર્યો હતો. આ બનાવમાં પરિણીતાના ચાર દાંત પડી ગયા હતા અને જડબામાં ફેકચર થયું હતું તેમજ હોઠ પર ચાર ટાંકા આવ્યા હતા. તેને સારવારમાં ખસેડાયા હતા. અને પોલીસ ફરિયાદ દાખલ કરાઈ હતી.

ધો. ૧૦-૧૨ ના વિદ્યાર્થીઓ માટે મોટીવેશન સેમિનાર યોજતી મહિલા પોલીસ સ્ટેશનની ટીમ

રાજકોટ: ખાસ પોલીસ કમિશ્નર ખુરશીદ અહેમદ તથા મદદનિશ પોલીસ કમિશ્નર મહિલા સેલ આર . એસ.બારીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ આગામી થોડા દિવસોમાં ધોરણ -૧૦ તથા ૧૨ વિદ્યાર્થીઓની બોર્ડની પરિક્ષા લેવાનાર જે પરિક્ષાના કારણે વિદ્યાર્થીઓ માનસિક તણાવ તથા હતાશ અનુભવતા હોય જેથી તેઓ માનસિક રીતે સ્વસ્થ રહી પરિક્ષા આપી શકે તે સારૂ મોટીવેટ કરવા આજે મહિલા પોલીસ સ્ટેશન IUCAW યુનિટની ટીમ તથા દુર્ગા શકિત ટીમ દ્વારા પી.વી.કોટક ઇંગ્લીશ મીડીયમ સ્કુલના પ્રિન્સીપાલ પ્રવિણાબેન કાનાણી તેમના સ્ટાફની હાજરીમાં સ્કુલના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને વકતા ચૌહાણ સાગરભાઇ અરવિંદભાઇનાઓએ સેમિનારમાં વિદ્યાર્થીનીઓને મોટીવેટ કરી જરૂરી માર્ગદર્શન આપેલ હતુ .કાર્યક્રમમાં પો.સબ ઇન્સ. જે.જી.ચૌધરી તથા મહિલા પોલીસ સ્ટેશન , IUCAW યુનિટ તથા દુર્ગાશકિત ટીમ સહિતનાઓ હાજર રહ્યા હતા.

PACKAGINGHUB
प्रोडकट आपका, सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

તંત્રી સ્થાનેથી...

રશિયાનું ચલણ રશિયન રૂબલ 30 ટકા ગગડ્યુ...

યુક્રેન - રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને યુનાઇટેડ સ્ટેટ્સ અને અન્ય યુરોપિયન દેશો સાથેના તણાવ વચ્ચે રશિયાનું ચલણ રશિયન રૂબલ ફરી એકવાર ગગડ્યું છે.

સોમવારે રશિયન ચલણ ડોલર સામે લગભગ ૩૦ ટકા ઘટીને નવા રેકોર્ડ લો લેવલે પહોંચ્યું હતું. એવું માનવામાં આવે છે કે પશ્ચિમી દેશોના કડક પ્રતિબંધોની અસર હવે સ્પષ્ટ દેખાઈ રહી છે. આજના કારોબારમાં ડોલર સામે રૂબેલ ૬૯.૪૭૪૮ નીચલી જ્યારે ૧૦૯.૪૮૮ ની ઉપલી સપાટી સુધી ઉછળ્યો હતી. દિવસના અંતે તે ૧૦૦.૪૫૮ ના સ્તરે બંધ થયો હતો. યુનાઇટેડ સ્ટેટ્સ, કેનેડા, યુનાઇટેડ કિંગડમ, જાપાન અને જર્મની જેવા દેશોએ અગાઉ રશિયા સામે હળવા પ્રતિબંધો લાદવાનું નક્કી કર્યું હતું. જોકે રશિયા આ પગલાથી પ્રભાવિત થયું ન હતું અને તેણે યુક્રેન પર હુમલો કર્યો.

યુનાઇટેડ સ્ટેટ્સ અને તેના સાથીઓએ પછી પ્રતિબંધો કડક કર્યા હતા. હવે માત્ર રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન જ પ્રતિબંધો હેઠળ આવ્યા નથી પરંતુ રશિયાની સેન્ટ્રલ બેંક પણ તેનો ભોગ બની છે. રશિયાને પણ આંતરરાષ્ટ્રીય પેમેન્ટ સિસ્ટમ સ્વિફ્ટમાંથી બાકાત રાખવાની તૈયારી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ચાલી રહેલી લડાઈ વચ્ચે પરમાણુ હથિયારોને હાઈ એલર્ટ પર મૂક્યા છે. આનાથી વૈશ્વિક બજારના રોકાણકારોમાં ગભરાટ ફેલાયો અને તેઓ સુરક્ષિત રોકાણ તરફ દોડવા લાગ્યા છે. આ કારણે કરન્સી માર્કેટમાં ડોલર અને યેન જેવી સુરક્ષિત કરન્સીની માંગ વધી છે. આજના વેપારમાં ડૉલર સામે રૂબલ લગભગ ૨૦ ટકા ઘટીને ૧૧૯ થઈ ગયો હતો.

અન્ય કરન્સી પર નજર કરીએ તો સોમવારે યુરોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. તે ડોલર સામે ૦.૭૬ ટકા, જાપાની ચલણ યેન સામે ૦.૭૩ ટકા અને સ્વિસ ફ્રેંક સામે ૦.૬૦ ટકા ઘટ્યું હતું. ઉપરાંત ઓસ્ટ્રેલિયન ચલણ AUSD યુએસ ડોલર સામે ૦.૭૫ ટકા ઘટ્યું હતું. ન્યુઝીલેન્ડનું ચલણ ૦.૭૯ ટકા અને બ્રિટિશ સ્ટર્લિંગ ૦.૨૯ ટકા ઘટ્યું હતું. પશ્ચિમી પ્રતિબંધોની અસર હવે સ્પષ્ટ છે. જેના કારણે રશિયામાં લોકોમાં અરાજકતાનું વાતાવરણ સર્જાઈ રહ્યું છે. એક મીડિયા રિપોર્ટ મુજબ રશિયામાં બેંકો અને એટીએમ સામે લોકોની લાંબી કતારો છે. રશિયામાં સામાન્ય લોકોને ચિંતા છે કે તેમના બેંક કાર્ડ પછીથી કામ કરવાનું બંધ કરી શકે છે અથવા ઉપાડ પર મર્યાદા હોઈ શકે છે. જેના કારણે લોકો વધુને વધુ રોકડ ઉપાડી રહ્યા છે. બીજી બાજુ ચલણના મૂલ્યમાં ઘટાડો રશિયામાં મોંઘવારી વધવાનો ભય ફેલાવી રહી છે.

સોમનાથ મહાદેવ મંદિરે મહાશિવરાત્રી પર્વે ચાર પ્રહરની આરતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ દ્વાદશ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રી પર્વે પરંપરાગત રીતે આંખો દિવસ પૂજન-અર્ચન અને અભિષેક ઉપરાંત ચાર પ્રહરની આરતી કરવામાં આવી હતી. જેમાં ગત રાત્રિનાં દશ કલાકે પ્રથમ પ્રહરની આરતીમાં સોમનાથ મહાદેવને પાઘ પહેરાવી ફુલોથી શણગાર કરવામાં આવ્યો હતો. દ્વિતીય પ્રહર નિમિત્તે ચાંદીના ત્રીપુંડ, વિવિધ પીતાંબર અને પુષ્પોનો શૃંગાર તથા તૃતીય પ્રહર નિમિત્તે વિવિધ પીતાંબર, ચંદન,ભસ્મ, પુષ્પોનો શૃંગાર ઉપરાંત ચતુર્થ પ્રહર નિમિત્તે લાલ પીતાંબર, ગુલાબ પુષ્પોના હાર, સુવર્ણના ત્રિપુંડનો શૃંગાર કરવામાં આવ્યો હતો. શિવભક્તો મહાશિવરાત્રિના ચતુર્થ પ્રહર નિમિત્તે શિવભક્તિમાં તરબોળ બન્યા હતા.

મવડી સ્થિત રાજદીપ સોસાયટી ખાતે

રાજેશ્વર મહાદેવ મંદિરે બરફના શિવલિંગના દર્શન કરતા ભાવિકો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨

રાષ્ટ્રીય નાઈ મહાસભા, ગુજરાતના મીડીયા ઈન્ચાર્જ રાજ ધામેલીયાની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, મહાશિવરાત્રીના પાવન પર્વે ભકત સમુદાય દ્વારા ધામધુમથી ભક્તિસભર ઉજવણી કરવામાં આવી હતી ત્યારે મવડી પ્લોટ સ્થિત રાજદીપ સોસાયટી ખાતે રાજશ્વર મહાદેવ મંદિરે બરફના શિવલિંગના દર્શન કરી બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો અને ભાંગ તેમજ ફળાહારની પ્રસાદીનો લાભ લીધો હતો. આ તકે મંદીરના પૂજારી મુકેશગીરી ગોસ્વામી બાપુ, રાજ ધામેલીયા, અમીત ધામેલીયા, જીગર મારડીયા સહીતનાએ જહેમત ઉઠાવી હતી.

જૂનાગઢ ભારતી આશ્રમના મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી હરિહરાનંદ ભારતીજી મહારાજનું સાલ ઓઢાડીને સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨

જૂનાગઢ ભારતી આશ્રમના મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી હરિહરાનંદ ભારતીજી મહારાજનું શિવરાત્રી મહા દિવસે હિન્દુ જાગરણ મંચ સ્વાગત અને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ હતું.

ભારતી આશ્રમ દ્વારા હિન્દુ જાગરણ મંચના હોદ્દેદારોને સ્મૃતિ ચિન્હ અર્પણ કરી આશિર્વાદ અર્પણ

ભારતી આશ્રમ દ્વારા હિન્દુ જાગરણ મંચના હોદ્દેદારોને સ્મૃતિ ચિન્હ અર્પણ કરી આશિર્વાદ આપેલા હતા આ સન્માન કાર્યક્રમમાં જાણીતા હિન્દુ આગેવાની હિન્દુ જાગરણ મંચના રાજેશભાઈ પીલાય પ્રદેશ મંત્રી, મંગેશ ભાઈ દેસાઈ રાજકોટમાં કાર્યકારી અધ્યક્ષ, વિક્રમ ભાઈ પરમાર મહામંત્રી રાજકોટ મહાનગર હિંદુ જાગરણ મંચ તેમજ હિંદુ જાગરણ મંચના જૂનાગઢના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. તેમ હિન્દુ જાગરણ મંચના મહામંત્રી વિક્રમભાઈ પરમારની યાદીમાં જણાવેલ છે.

અવસાન નોંધ

સ્વ.હરિભાઈ રતનશીભાઈ ચાવડા(મોચી)(ઉ.વ.૮૩)તે નવીનભાઈ ચાવડા(નિવૃત પીએસઆઈ),મુકેશભાઈ ચાવડા(પ્રા.શિક્ષક),સંજયભાઈ ચાવડાના પિતાનું તા.૧ ના રોજ અવસાન થયેલ છે.તેઓનું બેસણું તા.૩ ને ગુરૂવારના રોજ સાંજના કલાક ૪થી ૬ ૬૫,પૂજા પાર્ક-૧,શેરી નંબર.૧૦, બજરંગ વાડીમાં નવીનભાઈ ચાવડા(મો.૯૮૨૫૯૧૧૦૮૯)ના નિવસ્થાને રાખવામાં આવેલ છે.

જય પંચનાથ મહાદેવ મંદિર ખાતે મહાદેવને વિશેષ શણગાર-મહાઆરતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ નવાગામ પાસે આવેલ લાલપરી તળાવના કાઠે બિરાજમાન જય પંચનાથ મહાદેવ મંદિરે મહાશિવરાત્રી નિમિતે રૂદ્રાભિષેક, ફૂલ અને દિવડાનો વિશેષ શણગાર અને મહાઆરતી કરવામાં આવી હતી. મહાઆરતી બાદ ભાંગ અને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનો ભાવપૂર્વક જોડાયા હતા.

રશિયા - યુક્રેનના યુદ્ધના લીધે

ભારતીય ઘઉંની માંગમાં જબરદસ્ત ઉછાળો

(એજન્સી સમાચાર)
નવીદિલ્હી,તા.૨

ભારતમાં ઘઉંનું ઉત્પાદન છેલ્લી પાંચ સિઝનમાં વિક્રમજનક રહ્યું છે. યુક્રેન પર રશિયાના આક્રમણને કારણે કાળા સમુદ્ર દ્વારા સપ્લાય થતા ઘઉંના પુરવઠાને ગંભીર અસર થઈ છે. આ સમસ્યા ભારત માટે એક મોટી તક તરીકે ઉભરી છે. વિશ્વની ઘઉંની નિકાસમાં એક ચતુર્થાંશ (૨૫ ટકા)કરતાં વધુ હિસ્સો રશિયા અને યુક્રેનનો છે. ભારતના સેન્ટ્રલ પૂલમાં ૨.૪૨ મિલિયન ટન અનાજ છે જે બફર અને વ્યૂહાત્મક જરૂરિયાતો કરતાં બમણું છે. રોયટર્સના અહેવાલ મુજબ ખરીદદારોની પૂછપરછમાં વધારો થયો છે. જો ભારત રશિયા અને યુક્રેન વચ્ચેના સપ્લાય ગેપને ભરે તો સરકારી અને ખાનગી પ્લેયર્સને ઘણો ફાયદો થશે. ભારત વિશ્વમાં ચોખાનો સૌથી મોટો નિકાસકાર છે. એવું માનવામાં આવે છે કે યુક્રેન સંકટને કારણે લેબનોન સહિતના દેશ પણ પણ ભારતમાંથી આયાત કરી શકે છે રશિયા વિશ્વનો સૌથી મોટો ઘઉંનો નિકાસકાર છે જે આંતરરાષ્ટ્રીય નિકાસમાં ૧૮% થી વધુ હિસ્સો ધરાવે છે. ૨૦૧૯ માં રશિયા અને યુક્રેન સાથે મળીને વિશ્વના ઘઉંના એક ક્વાર્ટર કરતાં વધુ (૨૫.૪ ટકા) નિકાસ કરી હતી. તેમણે કહ્યું કે ઇજિપ્ત, તુર્કી અને બાંગ્લાદેશે રશિયા પાસેથી અડધાથી વધુ ઘઉં ખરીદ્યા છે.

શિવરથયાત્રાનું ભવ્ય સ્વાગત કરતું સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨

સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના પ્રવકતા જયંતભાઈ ઠાકરની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ, રાજકોટ જિલ્લાના પ્રમુખ પંકજભાઈ રાવલની આગેવાની હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ, રાજકોટ જિલ્લા દ્વારા શ્રી દશનામ ગોસ્વામી સમાજ આયોજીત સનાતન હિન્દુ ધર્મ શિવ રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના મીડીયા ઈન્ચાર્જ હરેશભાઈ જોષી, નીરંજનભાઈ દવે, સમીરભાઈ ખીરા, મયુરભાઈ રાવલ, નીલમબેન ભટ્ટ, અતુલભાઈ પંડિત, હરીશભાઈ જોષી સહીતનાએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી 'મહાદેવ હર' અને 'જય જય ભોલે'ના ગગનચુંબી નારા સાથે આ શિવરથયાત્રાને ભવ્ય રીતે આવકારી હતી.

રાજ્ય સરકારે જાહેર કરેલ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની

જનભાગીદારીની ગ્રાન્ટ સત્વરે ફાળવવા મુખ્યમંત્રીને રજૂઆત કરતા વિપક્ષીનેતા

મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના પદાધિકારીઓએ મુખ્યમંત્રી અને રાજયમંત્રીએ કરેલ જાહેરાતનો આભાર તો માની લીધો પરંતુ હજી ગ્રાન્ટ નથી મળી તેનું શું?: ભાનુબેન સોરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨

મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા ભાનુબેન સોરાણીએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરતા જણાવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત જનભાગીદારીના કામો માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની જનભાગીદારીની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય અમારી અનેકવિધ રજૂઆતો અન્વયે ૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષના અંતે છેક ૧૧ માસ બાદ કર્યો છે જેમાં રાજ્ય સરકાર દ્વારા વિલંબ અંતે પ્રજાની સુવિધા વિકાસ કલ્યાણ લક્ષી કાર્યો ન થઇ શક્યા, હવે શું ફકત ૨૮ દિવસમાં જ જનભાગીદારીના કાર્યો થશે?

મુખ્યમંત્રી તથા રાજ્ય કક્ષાના શહેરીવિકાસ મંત્રી વિનોદભાઈ મોરડીયાએ સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારીના જુદા જુદા કામો માટે મહાનગરપાલિકા દ્વારા તમામ વોર્ડના મળી કુલ રૂ. ૩૨.૫૪૭૭ કરોડના કુલ ૩૨૮ કામો સુચવવામાં આવેલ જે રાજ્ય સરકારના મ્યુનિ.ફાઈનાન્સ બોર્ડ દ્વારા તમામ કામોને અને આ માટે ૭૦% મુજબ રૂ. ૨૨.૭૮૩૯ કરોડની ગ્રાન્ટ ફાળવવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ હતી જે નાણા ફાળવવા ફક્ત જાહેરાત કરેલ છે હજુ સુધી મહાનગરપાલિકાના એકાઉન્ટમાં એકપણ રૂપિયો જમા થયેલ નથી અને કોઈ જ ગ્રાન્ટ મળેલ નથી આથી મુખ્યમંત્રીને જન ભાગીદારીના કામો માટે સત્વરે જાહેરાત કરેલ ગ્રાન્ટ ફાળવવા રજૂઆત કરી છે જેથી મહાનગરપાલિકાના તમામ વોર્ડના કામોને વેગ મળી શકે તેવું ભાનુબેન સોરાણીએ અંતમાં જણાવ્યું છે.

કવિ સંમેલન, જાણતા રાજા સહિતના કાર્યક્રમો યોજાશે

પાટીલના 'વન ડે-વન ડીસ્ટ્રીકટ' કાર્યક્રમના સંદર્ભે જિલ્લા ભાજપના મુખ્ય કાર્યકરોની બેઠક યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨

પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના વન ડે-વન ડીસ્ટ્રીકટ કાર્યક્રમના સંદર્ભમાં રાજકોટ જિલ્લા ભાજપ અધ્યક્ષ મનસુખભાઇ ખાચરીયાના પ્રમુખસ્થાને સાંસદઓ, ધારાસભ્યઓ, જીલ્લાના હોદેદાર, મંડલના પ્રમુખ, મહામંત્રીઓ, જીલ્લાના મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, જીલ્લા સેલના કન્વીનર, સહ-કન્વીનર વિગેરેની બેઠક યોજાઈ હતી.

પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના આગામી વન ડે-વન ડીસ્ટ્રીકટ કાર્યક્રમના સંદર્ભમાં જીલ્લા અધ્યક્ષ મનસુખભાઇ ખાચરીયાએ ઉપસ્થિત તમામ કાર્યકર્તાને સંબોધતા જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં અલગ અલગ આઠ કાર્યક્રમો યોજવાના છે, જેમાં કવિ સંમેલન, સુપોષણ, સ્વચ્છતા અભિયાન, સાધુ સંતો માટે કચ્છનો પ્રવાસ તેમજ વારણસી ખાતે યોજાનાર પ્રવાસ અને જાણતા રાજા, લાઈટ એન્ડ સાઉન્ડ શો, ડાયરાનો કાર્યક્રમનો સમાવેશ થાય છે. આ તમામ કાર્યક્રમોના ઇન્ચાર્જઓને કઈ રીતે સફળતાપૂર્વક આયોજન કરવું તેનું માર્ગદર્શન મનસુખભાઈએ આપ્યું હતું. આગામી તા.૧૯મીએ હેમુ ગઢવી નાટ્ય ગૃહમાં યોજાનાર રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભાના આયોજન વિશે પણ તેમને માહિતી આપી તમામ કાર્યકરોને વિવિધ જવાબદારી સોંપવામાં આવી હતી.

આ ઉપરાંત ૨૦ મુદ્દા અંતર્ગત તાલુકા તેમજ મોરચાના વિવિધ સંગઠનને લગતા મુદ્દાએ વિષે પણ ચર્ચા કરી. આ બેઠકમાં આગામી દસ દિવસમાં પદાધિકારીની નિમણૂંક કરી જિલ્લા કાર્યાલયને મોકલી આપવા ખાસ ભાર મુક્યો હતો. દરેક તાલુકા-શહેરના પ્રમુખો અને મહામંત્રીઓએ પોતે કરેલી વિવિધ કામગીરી તેમજ પ્રદેશ અને જિલ્લા તરફથી મળેલા કાર્યક્રમોના કરેલા આયોજન વિષે માહિતી આપી હતી.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

મહાશિવરાત્રીના પાવન પર્વે

શહેર ભાજપ દ્વારા શિવરથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: મહાશિવરાત્રીના પાવન પર્વે સૌ ભાવિકોએ શિવપૂજન કરી શિવપૂજામાં લીન થઈ ધન્યતા અનુભવી હતી. શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની આગેવાનીમાં શહેર ભાજપ દ્વારા શ્રી દશનામ ગોસ્વામી સમાજ આયોજીત સનાતન હિન્દુ ધર્મ શિવ રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ તકે કમલેશ મિરાણી, મોહનભાઈ કુંડારીયા, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, રક્ષાબેન બોળીયા, ડો.દર્શીતાબેન શાહ, વિક્રમ પુજારા, મહેશ રાઠોડ, જયોત્નાબેન હળવદીયા, માધવ દવે, અનિલભાઈ પારેખ, હરેશ જોષી, પુષ્કર પટેલ સહીતના સાથે વોર્ડના પ્રભારીઓ, વોર્ડપ્રમુખ, વોર્ડ મહામંત્રી, કોર્પોરેટરો, શિક્ષણ સમિતિના સદસ્યો, મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને ગૌતમ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ નીકળેલ આ શિવ રથયાત્રાને નિહાળી ભાવિકો મંત્રમુગ્ધ બન્યા હતા.

વોર્ડ નં.૭ માં ગોડાઉન રોડ પર પેવર કામનો પ્રારંભ કરાવતા કમલેશ મિરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: શહેરના વોર્ડ નં.૭ માં ગોડાઉન રોડ ખાતે પેવર કામનો શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન પુષ્કર પટેલ, શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ, વોર્ડના કોર્પોરેટર દેવાંગ માંકડ, નેહલ શુકલ, વર્ષાબેન પાંધી, જયશ્રીબેન ચાવડા, તેમજ નટુભાઈ ચાવડા, પ્રતાપભાઈ વોરા, રમેશભાઈ દોમડીયા, અનીલ લીંબડ, રાજુ મુંધવા, રમેશભાઈ જોટાંગીયા,

ઈશ્વર જીતીયા, ધર્મેશ દક્ષીણી, નીલેશ સોલંકી, સંદીપ ડોડીયા, નિતીન જરીયા, પ્રવીણ ચાવડા, જીગર ભટ્ટ, કૌશીક ચાવડા, ભરત પરમાર, કિરીટ સોલંકી, દિનેશ સોલંકી, ભુપેન્દ્ર સિંધવ, રાજેન્દ્રસિંહ જાડેજા, જગાભાઈ જાદવ, રાજુભાઈ દવે, મનોજ ડોડીયા, ગૌતમ ચૌહાણ, વિજય ચૌહાણ, પપ્પુ ચૌહાણ, સીમાબેન જરીયા, ભાવનાબેન જરીયા, જયોત્સનાબેન સીંધવ, અલ્કાબેન સિંધવ સહીતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

વિવિધ આવાસના હપ્તા પેટે રૂા.૧૨ કરોડથી વધુની આવક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ યોજનાઓ અંતર્ગત અત્યાર સુધીમાં ૩૧,૦૦૦થી વધારે આવાસ બનાવીને લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ ઘર, મુખ્યમંત્રી આવાસ યોજના, BSUP - 1,2,3, રાજીવ આવાસ યોજના, ગુરૂજીનગર, ધરમનગર, ૩૦૧૨, હુડકો, વામ્બે અને સફાઈ કામદાર આવાસ યોજનાઓનો સમાવેશ થાય છે. આવાસ યોજના વિભાગ દ્વારા તા.૧/૨ થી તા.૨૮/૨ સુધીમાં રૂ.૧૨,૨૫,૫૪,૦૪૬ ની આવક કરેલી છે. તા.૨૩/૬/૨૦૨૧

આવાસ યોજના વિભાગ દ્વારા રૂા.૧૪૦ કરોડથી વધુ આવાસના હપ્તા પેટે વસુલાત

થી તા.૨૮/૨/૨૦૨૨ સુધીમાં રૂ.૧૦૯,૮૪,૦૧,૮૦૮ ની વસુલાત આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ છે. આજ રીતે તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૨૮/૨/૨૦૨૨ સુધીમાં આવાસ યોજના વિભાગ દ્વારા રૂ.૧૪૦,૩૫, ૨૪,૫૩૨ ની વસુલાત આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ છે. હાલમાં વિવિધ યોજનાઓના એલોટમેન્ટ લેટર વિતરણ શરૂ છે જે અન્વયે જે લાભાર્થીઓ દ્વારા એલોટમેન્ટ લેટર લેવામાં આવેલ નથી કે આવાસ પેટેના હપ્તા ભરપાઈ કરેલ નથી તેઓને તાત્કાલિક આવાસ યોજના વિભાગ, મહાનગરપાલિકા, ઢેબર રોડનો સંપર્ક કરી પોતાના આવાસનું એલોટમેન્ટ મેળવી લેવા અને હપ્તા ભરવાની અપીલ કરવામાં આવી છે.

૧૮.૮૪ લાખ પરત કરવાના કેસમાં કોર્ટે પિતરાઈ ભાઈને છોડી મુકવાનો હુકમ કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

લોધિકા તાલુકાના પારડી ગામે રહેતા બે ભાઈઓએ પિતરાઈ ભાઈ સાથે મળી મૌખિક કરારથી ચાલુ કરેલી પેઢી વિસર્જન કર્યા બાદ ભાગીદારી છુટ્ટી કરતા રૂપિયા ૧૮.૮૪ લાખ પરત કરવાના ગુનાનો કેસ કોટડાસાંગાણી કોર્ટમાં ચાલી જતાં અદાલતે પિતરાઇ ભાઇને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ લોધિકાના પારડી ગામે રહેતા પરષોત્તમ વલ્લભભાઈ કોર્ટ અને તેનો ભાઈ કલ્પેશ માટે રાજકોટ ખાતે રહેતા તેના ફઈબાના દિકરા યોગેશ હરશુખ ચાપરા સાથે ગોપીનાથ એન્જિનિયર્સ નામથી મૌખિક ભાગીદારી પેઢી બનાવી ૫૦ ટકાના હિસ્સાથી ધંધો ચાલુ કર્યો હતો બાદ ભાગીદારો વચ્ચે પણ બનાવ થતાં ચાર સાક્ષીઓની હાજરીમાં યોગેશભાઈ તેથી

એડવોકેટ રાજન કોટેચા

સંભાળી લઇ અને પરસોતમ કોરાટ અને કલ્પેશ કોરાટને રૂપિયા ૧૮.૮૪ લાખ કુવા માટે ચાર ચેક આપ્યા હતા જે જાણે ચેક બેંકમાં રજૂ કરતા સ્ટોપ પેમેન્ટના તેરા સાથે પરત ફર્યા હતા જે અંગેની કાયદાકીય રીતે યોગેશ ગાજીપરા ને જાણ કરવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતાં રાજકોટની ચીફ મેજિસ્ટ્રેટ કોર્ટમાં નેગોશીએબલ એકટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. બાદ કેસ કોટડાસાંગાણી કોર્ટમાં ટ્રાન્સફર થયા હતા. જે કેસની સુનાવણી પર આવતા જેમાં બંને પક્ષોની લેખિત મૌખિક દલીલ બાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં ફરિયાદીની ફરિયાદ તથા પુરાણોમાં જે કથનોમાં ઊઠતી શંકાઓ, આરોપીઓનો બચાવ અને આરોપી તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવો અને તેના આધારે જુદા જુદા તરી તારણો કારણે કોટડાસાંગાણીના મેજિસ્ટ્રેટ ડી. સી. ગોહિલ એ ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય ચારેય કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ ફરમાવેલ છે. બચાવ પક્ષે એડવોકેટ તરીકે રાજન કોટેચા, કુણાલ કોટેચા, સંદીપ વેકરીયા, અંકુર લીબાસીયા અને જય રંગાણી રોકાયા હતા

જી.એસ.ટી વિભાગે જપ્ત કરેલ લાખોના સ્ક્રેપની ચોરી કરવાના ગુન્હામાં આરોપીનો જામીન ઉપર છૂટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

આ બનાવની વિગત એવી છે કે જી.એસ.ટી. વિભાગે કોપર સ્ટેપ ભરેલા ટ્રકને જપ્ત કરેલ હતો જે ટ્રક જપ્ત કરી રાજકોટ ખાતે રેસકોર્ષ રીંગ રોડ સ્થિત બહુમાળી ભવનમાં રાખેલ હતો જે ઉપરોકત જગ્યાએથી અજાણ્યા આરોપીઓએ સિકયોરીટી ગાર્ડની મીલાપીપણું કરી ટ્રકમાં રહેલા રૂા.૯,૪૪,૦૦૦ નો સ્ક્રેપ ચોરી કરી લઈ ગયેલ હતા. કેસની વિગત એવી છે કે રાજકોટ શહેરના પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં જી.એસ.ટી.ના અધિકારી સ્વપનનીલ રાજુભાઈ રાઠોડ ફરીયાદ આપેલી જે ફરીયાદના અનુસંધાને ફરીયાદીએ ફરીયાદ આપતા પોલીસે આરોપી કુલદીપ રાજુભાઈ ગોરી વિગેર ૧૦ આરોપીઓની ધરપકડ કરતા જેઓને કોર્ટમાં રજૂ કરતા ત્યારબાદ જેલ હવાલે થયેલ હતા. ત્યારબાદ આરોપીએ પોતાના એડવોકેટ મારફત કોર્ટમાં જામીન ઉપર છુટવા માટે જામીન અરજી કરેલ. જેમાં તેના એડવોકેટ અમીત એન. જનાણીએ દલીલમાં જણાવેલ કે હાલના આરોપીઓ કોઈ ગુન્હાહીત ભુતકાળ ધરાવતા નથી તેમજ વડી અદાલતોના ચુકાદાઓ ધ્યાને લેતા પણ હાલના આરોપી વિરૂધ્ધ જામીન અરજી સમયે સર્વોચ્ચ અદાલત દ્વારા વ્યક્તિગત અને સ્વતંત્રતા અનુસંધાને વખતોવખત આપવામાં આવેલ ચુકાદાઓ ધ્યાને લેતા

એડવોકેટ અમીત જનાણી

પણ જામીન માટેનો પ્રથમ દર્શનીય કેસ છે તેમજ હાલના આરોપી ફાયર બ્રિગેડમાં છેલ્લા પાંચ વર્ષથી નોકરી કરે છે અને કોર્ટ જામીન ઉપર છુટતી વખતે જે જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. જેથી જામીન મુકત કરવા દલીલો કરેલ. ઉપરોકત તમામ દલીલોને ધ્યાને લઈ કોર્ટે બન્ને આરોપીને રૂા.૧૦,૦૦૦ શરતી જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવેલ હતો. ઉપરોકત કામમાં આરોપીઓ વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી અમીત એન. જનાણી, જૈતન્દ્રસિંહ પરમાર, ઈકબાલ થૈયમ, રોકાયેલા હતા.

અવસાન નોંધ

રાજકોટ: મચ્છુ કઠિયા સઈ-સુતાર જ્ઞાતિના મૂળ લતીપુર હાલ રાજકોટ પ્રવિણભાઈ રવજીભાઈ સાંચલા (રિટાયર્ડ કર્મચારી પી.જી.વી.સી.એલ.) ના નાના પુત્ર સ્વ. મીલનભાઈ પ્રવિણભાઈ સાંચલા, (ઉ.વ. ૩૭) નું તા.૧ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે, તે તેજસભાઈના નાનાભાઈ, મયૂરીબેનના પતિ, દિયાબેનના પિતા, મનોજભાઈના ભત્રીજા, પ્રિતભાઈના મોટાભાઈ તથા નરોતમ ચકુભાઇ પીઠડીયા (જામનગરવાળા) ના ભાણેજ થાય તેમજ સુરત નિવાસી પ્રવિણભાઈ તુલસીદાસ યાદવના જમાઈ થાય, તેમનું બેસણું તા.૩ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૫:૩૦ કલાકે ધારેશ્વર મંદિર, ભક્તિનગર સર્કલ, ખાતે રાખેલ છે.

હળવદના શિવાલયો હર હર મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠ્યા

(શિવ મયુર દ્વારા)

હળવદ: મહાશિવરાત્રી ભગવાન ભોળાનાથની પૂજન અને અર્ચન માટેનો મહત્વનો દિવસ માનવામાં આવે છે. ત્યારે વહેલી સવારથી જ હળવદ પંથકના તમામ શિવાલયોમાં ભક્તોનું માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું.

હળવદના શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા હતા. શિવાલયોમાં શિવરાત્રી મહોત્સવ નિમિત્તે હોમાત્મક લઘુરૂદ્રયજ્ઞ, ધ્વજારોહણ, ભાંગપ્રસાદ, મહાઆરતી, સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયાં હતાં. શહેરમાં ભક્તો દ્વારા મહાદેવની પાલખીની શોભાયાત્રા વાજતેગાજતે હર મહાદેવના નાદ સાથે શહેરમાં નીકળી હતી. શિવભક્તો દ્વારા શિવાલયોમાં વહેલી સવારથી મહાદેવની પુજા અર્ચના અભિષેક અને શિવ ઉપાસના કરવા ઉમટી પડ્યા હતા. હળવદનાં વિવિધ શિવાલયોમાં શિવરાત્રી નિમિત્તે ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શરણેશ્વર મહાદેવ, વૈજનાથ મહાદેવ, ગૌલોકેશ્વર મહાદેવ, ભીડભંજન મહાદેવ, નીલકંઠ મહાદેવ, ભવાની ભૂતેશ્વર મહાદેવ, પંચમુખી મહાદેવ, જાગનાથ મહાદેવ, હાટકેશ્વર મહાદેવ, વગેરે શિવાલયોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સમગ્ર શહેર શિવમય બન્યું હતું.વહેલી સવારથી જ માનવ મહેરામણ ઉમટી પડયો હતો.

રાજકોટમાં આર્ટિસ્ટ મનોજ ગોહિલનું ચિત્ર પ્રદર્શન

શુક્રવારથી રેસકોર્સ સ્થિત આર્ટ ગેલેરીમાં સ્થાપત્ય કલાના શ્રેષ્ઠ ચિત્રો નિહાળવાનો અવસર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સહકારથી યોજેલા આ પ્રદર્શનમાં લેન્ડસ્કેપ સાથે જૂનાગઢની સ્થાપત્ય કલાના ૫૦ થી વધુ વોટરકલર માધ્યમના ચિત્રો જોવા મળશે.

મૂળ જૂનાગઢના અને હાલ રાજકોટ સ્થાય થયેલા કલાકાર મનોજ ગોહિલના ચિત્રોનો વનમેન શો શહેરની ડો. શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરી, રેસકોર્સ, રાજકોટ ખાતે તા.૪-૩-૨૦૨૨ થી શુભારંભ થઇ રહ્યો છે. ત્રણ દિવસ ચાલનારા આ પ્રદર્શન કલારસિકો માટે સવાર ૧૦ થી રાત્રીના ૮ સુધી વિનામૂલ્યે પ્રવેશ સાથે ખુલ્લું રહેશે.

કલાકાર મનોજ ગોહિલે કલાકેન્દ્ર કોલેજ ઓફ ફાઈન આર્ટ - વલ્લભ વિદ્યાનગરમાં ડિપ્લોમા ડ્રોઈંગ એન્ડ પેઇન્ટિંગનો અભ્યાસ કરેલ છે. જૂનાગઢની સ્થાપત્ય કલાના તેમજ જુના મકાનો, નેચરલ વગેરે શ્રેષ્ટ ચિત્રો તેમના આ પ્રદર્શનમાં જોવા મળશે.

ઘણા વર્ષોથી આર્ટ ક્ષેત્રે કાર્ય કરતા મનોજ ગોહિલના અત્યાર સુધીમાં એક વનમેન શો સાથે ૧૦ ગ્રુપ પ્રદર્શનમાં ભાગ લીધો છે. તાજેતરમાં જ તેઓ ખજૂરાહોમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય એક્ઝિબિશનમાં પોતાની બે કૃતિઓ રજુ કરી હતી. વોટરકલર લેન્ડસ્કેપ સાથે સ્થાપત્ય કલાનો આપણો વારસો સંદર્ભે તેમની કલા ખરેખર માણવા જેવી છે.

દામનગરના તમામ શિવાલયોમાં મહાશિવરાત્રીએ દિવ્ય શણગાર

(નટવરલાલ ભાતિયા દ્વારા)

દામનગર: દામનગર શહેરના વિવિધ શિવાલયોમાં દર્શનીય શણગાર કરાયો હતો. શ્રી કુંભનાથ મહાદેવ શ્રી વેજનાથ મહાદેવ મુખ્ય બજારમાં બિરાજતા નદીકેશ્વર મહાદેવ મંદિર સહિતના શિવાલયોમાં ધર્મોલ્લાસ સાથે શિવરાત્રીની ઉજવણી થઈ હતી. ઋષિ અગસ્ત તપથી સ્વયંભ પ્રાગટય શ્રી કુંભનાથ મહાદેવના સાનિધ્યમાં શિવરાત્રીના પાવન પર્વેએ મહાયજ્ઞ યોજાયો. સાત કુંડી યજ્ઞ નારાયણના દર્શન કરતા ભાવિકો વિદ્વાન શાસ્ત્રીના મંત્રોચ્ચારની ધ્વનિથી શિવાલય ગુંજી ઉઠ્યા હરહર મહાદેવના

નાદ સાથે ભાવિકો પુરા શ્રધ્ધાભાવ પૂજા અર્ચન કરતા જોવા મળ્યા હતા. સ્વયંભૂ પ્રગટ શ્રી કુંભનાથ મહાદેવ મંદિરે ભાંગ અને ફરાળ મહાપ્રસાદ તથા મહાઆરતીના દિવ્ય દર્શન માટે ભાવિકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વેજનાથ મહાદેવ મંદિરને સુંદર પુષ્પો અને રોશનીના ઝળહળાટ થી સુશોભિત કરાયું હતું.

કોરોના મહામારીથી લોકોને બચાવવા શિવજીને પ્રાર્થના

(બ્રિજેશ વેગડા દ્વારા) મોટાદડવા: સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત સૌ કોરોનાની મહામારીના લીધે ગત વર્ષના શિવ મંદિરો માત્ર પૂજારી દ્વારા શિવરાત્રી ઉજવી હતી. જો કે આ વર્ષે માનવ મહેરામણ નાના મોટા અનેક શિવાલયો શિવ શિવના નાદથી ગેબી અવાજ થયા હતા. જેમાં નાના મોટા સૌ શિવમય બની જવા પામ્યા હતા. ત્યારે નાનકડા શિવમે પણ શિવને આ કોરોનાની મહામારી માટે પ્રાર્થના કરી હતી. હે

નાથ હવે ફરી ધબકતું ગુજરાત દેશ બને તેવી આશ સૌ કોઈ સેવી રહ્યા છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

ગુજરાત વિધાનસભા બજેટ સત્રનો ધમાલભર્યો પ્રારંભ

આરોગ્ય, રોજગારી વગેરે માટે અનેક આકર્ષક યોજનાઓ જાહેર કરી શકે છે. આજે સવારે રાજ્યપાલનાં સંબોધન બાદ શોક દર્શક પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યા હતા. ભારતરત્ન સ્વર કિન્નરી લતા મંગેશકરને ગૃહમાં શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ધારાસભ્ય સ્વ.આશાબેન પટેલ અને સાત પૂર્વ ધારાસભ્યને અંજલી આપતા શોકદર્શક ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા. બાદમાં બેઠક મુલત્વી રાખવામાં આવી હતી. સવારથી જ ભારે તળાફળી બોલી જતા સત્રનો હંગામેદાર પ્રારંભ થયો છે.(૨.૧૨)

દેશની અગ્રીમ દૂધની ડેરી દ્વારા ભાવવધારાથી ભારે ઉહાપોહ

ખાદ્યચીજોની યાદીમાં દૂધ સર્વોચ્ચ સ્થાને છે. નવા ભાવવધારા બાદ અમુલ ગોલ્ડ દૂધની થેલીનો ભાવ રૂ.૬૦, અમુલ તાઝાનો ભાવ રૂ.૪૮ અને અમુલ શક્તિનો ભાવ રૂ.૫૪ થઇ ગયો છે. ગોવર્ધન ગોલ્ડ મિલ્કની થેલીનો ભાવ રૂ.૫૦ અને ગોવર્ધન ફ્રેશની લીટર દીઠ થેલીનો ભાવ રૂ.૪૮ થયો છે. અન્ય કંપની મધર ડેરીએ કોઈ ભાવવધારો કર્યો નથી. દેશનાં અગ્રીમ વેપારી સંગઠનનાં સુત્રો કહે છે કે, દૂધમાં વિશ્વવ્યાપી ભાવવધારો ૩૪ ટકા જેવો રહ્યો છે. દર વર્ષે વિશ્વસ્તરે ભાવમાં વધારો થાય છે. માસિક વધારો ૮ ટકા જેટલો રહ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, દિલ્હી જેવા મહાનગરોમાં દૂધનાં પ્રમાણમાં દારૂ વધુ સસ્તો થઇ ગયો છે..!! હવે સામાન્ય જનની સવારની ચા પણ વધુ કડવી થઇ જવાનો ડર છે.(૨.૧૨)

ઉજ્જૈનમાં ૧૦ મિનિટમાં ૧૧.૭૧ લાખ દિવડા પ્રગટાવ્યા

હજાર દિવડા એકસાથે પ્રજ્વલીત કરવામાં આવ્યા હતા. પર્યાવરણનાં રક્ષણને ધ્યાનમાં રાખીને માટીનાં દિવડાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દિવડામાં બચેલું તેલ ગૌશાળાઓમાં અર્પણ કરવામાં આવશે. જયારે દિવડાની માટીનો મૂર્તિ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવશે. દિવડા પ્રગટાવવા માટે ૧૪ હજાર વોલન્ટીયર ભક્તોને દિપ પ્રાગટય માટે મેદાનમાં ઉતારવા માટે આવ્યા હતા.(૨.૧૨)

ભારતનું 'ઓપરેશન ગંગા' વેગવાન, યુક્રેનની રાજધાની કીવમાંથી તમામ ભારતીયોને બહાર ખસેડાયા

હોવાથી એકેએક ભારતીય નાગરિકનું કીવમાંથી રેસ્ક્યુ કરી લેવામાં આવ્યું છે. યુક્રેનમાં હજુ ૧૬ હજાર જેટલા ભારતીય વિદ્યાર્થીઓ રેસ્ક્યુની રાહ જોઈ રહ્યા છે. એ બધાને પાડોશી દેશોની બોર્ડર પર ચાલ્યા જવા આપણા દુતાવાસ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. અલગ- અલગ ફલાઈટ મારફત કુલ ૯ હજાર ભારતીય નાગરિકો યુક્રેનથી પરત નીકળી ગયા હોવાનો અંદાજ છે.(૨.૧૨)

યુક્રેન યુધ્ધથી સૌથી મોંઘુ ખાદ્યતેલ બનતું પામ ઓઈલ

કુલ ૭૬ ટકા નિકાસો એ દેશોમાંથી થાય છે. એશિયા અને યુરોપમાં સુર્યમુખી તેલનાં વિકલ્પ રૂપે પામ ઓઈલનો એક માસ કરતા વધુ ચાલે તેટલો જથ્થો એકસાથે ખરીદી લેવાયો હોવાથી ભાવસપાટી ભડકી ઉઠી છે. તેવું મુંબઈનાં એક વિક્રેતાએ જણાવ્યું હતું. સોયા ઓઈલની ખરીદીનો એક વિકલ્પ છે પણ સોયાબીનનાં મુખ્ય ઉત્પાદક આર્જેન્ટીના, બ્રાઝીલ અને પેરાગ્વેમાં સુકા હવામાનને કારણે સોયાબીનનાં ઉત્પાદનમાં ઘટાડો થયો છે. જેના કારણે સોયા ઓઈલનો પણ વધુ પુરવઠો મળી શકે તેમ નથી.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

સૌરાષ્ટ્રના જાણીતા વકીલ અને યુવીક્લબના ચેરમેન મહેન્દ્ર ફળદુનો ગળેફાંસો ખાઈ આપઘાત

તેઓએ રોકાણકારોને યોગ્ય રકમ, મધ્યસ્થી કહે તેવી રકમ કંપનીને ચૂકવી હિસાબ પૂર્ણ કરવા પ્રયત્ન કરતાં હતાં, બુકિંગ સમયે કંપનીએ જણાવ્યું હતું કે, ડેવલોપમેન્ટ સાથેની જમીનનાં વેચાણ દસ્તાવેજો કરી આપવા માટે કંપનીને તથા તેનાં ડાયરેક્ટરોને ખૂબ જ વિનંતીઓ કરી હતી. પરંતુ તેમાં મહેન્દ્ર ફળદુને કોઈ સફળતા મળી નહી, કંપનીના ડાયરેક્ટરો સમાધાનને બદલે અવાર નવાર ધમકીઓ આપતાં હતાં, એમ. એમ. પટેલ અને તેમનાં પુત્ર પક્ષીન મનસુખભાઈ સુરેજા, અતુલભાઈ મહેતાએ આ અંગે ખોટા કારણો ઉભા કરીને પોલીસ ફરિયાદો પણ કરી હતી. આમ કરીને બિલ્ડર રોકાણકારો ઉપર પોલીસ મારફતે ધમકીઓ આપતાં હતાં અને કંપનીના ડાયરેક્ટરો વિશેષમાં એવું પણ કહેતા હતાં કે, અમારે રાજકીય લોકો સાથે સંબંધ છે. મંત્રીઓ અમારા ભાગીદાર છે. રાજકીય આગેવાનો, સંસદ સભ્યો અમારી ઓફિસમાં બેસે છે અને તેમના કાર્યાલયો પણ અમારી જગ્યામાં છે, તે અમારા માણસો છે. અમારૂ કોઈ કંઈ કરી લેશે નહીં. ઈંઅજ, ઈંડજ ઓફિસરો અમારે ત્યાં આવે છે, સારો ઘરોબો છે સતતને સતત ધમકીઓ આપતાં રહે છે. આમ કરીને માતબર રકમની જમીન મફતમાં પડાવી લેવાના ઈરાદાથી દસ્તાવેજો નહીં કરી આપતાં હોવાનું જાણવા મળ્યું છે. ઓઝોન તસ્કની કંપનીના ડાયરેક્ટરોએ જમીનનાં દસ્તાવેજો ન કરી આપવા પડે તે માટે મહેન્દ્ર ફળદુ તથા તેના જેવા રોકાણકારોને ખૂબ જ આર્થિક, શારીરિક, માનસિક ત્રાસ આપી રહ્યા છે, રોકાણકારોની મોટી રકમોનું રોકાણ હોવાથી ઉકેલ લાવવો જ મુશ્કેલ હતો. કંપનીનાં ડાયરેક્ટોનાં કારણે મહેન્દ્ર ફળદુની આર્થિક સ્થિતિ, નાણાકીય સ્થિતિ બગડી ગઈ છે, મહેન્દ્ર ફળદુ મારફતે બુકિંગ કરાવેલ લોકોને કંપની વતી મહેન્દ્ર ફળદુએ નાણા ચૂકવ્યા છે તેમ છતાં કંપની અને તેનાં ડાયરેક્ટરો નીંભર થઈને તે રકમ ચૂકવતાં નથી કે કોઈ જવાબ આપતાં નથી. કંપની અને તેના ડાયરેક્ટરોનાં આવા વ્યવહારોનાં કારણે બુકિંગ કરનારાઓ પૈકી ત્રણથી ચાર વ્યક્તિ અવસાન પામ્યા છે, તેની માટે પણ કંપની અને તેનાં ડાયરેક્ટરો પાસે પૈસા ચૂકવવા માટે વિનંતી કરી હતી તેમ છતાં કંપની અને તેનાં ડાયરેક્ટરોએ રકમ ચૂકવી નહીં કે તેમની અંતિમવિધિમાં પણ રકમ ચૂકવી નહીં. ત્યારે આવા લોકોએ મહેન્દ્ર ફળદુ મારફત બુકિંગ કરાવેલ હોવાથી તેઓ મહેન્દ્ર ફળદુની ઓફિસે આવે છે, મહેન્દ્રભાઈ ફળદુની ધંધાની જગ્યા ઉપર આવે છે અને ખૂબ જ હેરાન-પરેશાન કરે છે. કંપની અને તેનાં ડાયરેક્ટરોનાં ગેરવ્યદેસર કૃત્યનાં કારણે રોકાણકારો મહેન્દ્ર ફળદુને ધાક ધમકીઓ, ત્રાસ આપે છે.

જૂનાગઢમાં મહાશિવરાત્રી મેળો પૂર્ણઃ ભવનાથમાં ભવ્ય રવેડી બાદ સાધુ-સંતોનું મૃગીકુંડમાં સ્નાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જૂનાગઢ: જૂનાગઢનાં ભવનાથમાં મહાશિવરાત્રી મેળાના અંતિમ દિવસે ગઈકાલે પણ સવારથી ભાવિકોનો અવિરત પ્રવાહ તળેટી તરફ વહેતો રહ્યો હતો. લોકોએ ભવનાથ મહાદેવના મંદિરે દર્શન કરી અન્નક્ષેત્રમાં ભોજન-ફરાળ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. શિવરાત્રી હોવાથી ભવનાથ મહાદેવને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. બપોરે રવેડીના રૂટ પર લોકો તડકામાં બેરીકેડ આસપાસ બેસી ગયા હતા અને કલાકો સુધી એક જ સ્થળે બેસી રહ્યા હતા. રાત્રીના શ્રીપંચ દશનામ જુના અખાડા ખાતેથી રવેડીનો પ્રારંભ થયો હતો. જેમાં જુના અખાડાના આરાધ્યદેવ દત્તાત્રેય ભગવાન, આવાહન અખાડાના શ્રી ગણેશજી અને અગ્નિ અખાડાના આરાધ્યદેવ શ્રી ગાયત્રીમાતાજીની પાલખી જોડાઈ હતી. આ ઉપરાંત મહામંડલેશ્વરો તેમજ અન્ય અખાડાના સાધુ-સંતો તેમજ દિગંબર સાધુઓ રવેડીમાં જોડાયા હતા. વાજતે-ગાજતે યોજાયેલી રવેડીમાં દિગંબર સાધુઓએ લાઠીદાવ, અંગકસરત તેમજ તલવારબાજી જેવા કરતબ રજૂ કર્યા હતા. જેને નિહાળી સૌ કોઈ મંત્રમુગ્ધ બન્યા હતા.

રવેડી જુના અખાડા ખાતેથી શરૂ થઈ મોડી રાત્રે ભવનાથ મંદિરે પહોંચી હતી અને ત્યાં પ્રથમ અખાડાના આરાધ્યદેવોને મૃગીકુંડમાં સ્નાન કરાવવામાં આવ્યું હતું. બાદમાં સાધુ-સંતોએ મૃગીમુંડમાં સ્નાન કર્યું હતું અને ભવનાથ મહાદેવની મહાઆરતી યોજાઈ હતી. આ સાથે પાંચ દિવસીય મહાશિવરાત્રી મેળો મધરાતે સંપન્ન થયો હતો.

આછવણીના પ્રગટ પ્રગટેશ્વર ધામમાં શિવરાત્રી મહોત્સવની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: આછવણીના સુપ્રસિદ્ધ પ્રગટ પ્રગટેશ્વર ધામમાં મહાશિવરાત્રી મહોત્સવની ઉજવણી કોરોના ઘટતાં ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં ખૂબ જ ધામધૂમથી કરવામાં આવી હતી. બમ બમ ભોલે અને હર હર મહાદેવના નાદથી સમગ્ર વાતાવરણ શિવમય બન્યું હતું.

આ પવિત્ર અવસરે ભગવાન પ્રગટેશ્વરને પ્રસન્ન કરી તેમના મહાઆશીર્વાદ પ્રાપ્ત કરવા માટે બે દિવસીય પાંચ કુંડી મહારૂદ્ર-લઘુરૂદ્રની મહાશિવરાત્રિના દિવસે બપોરે ત્રણ કલાકે પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. જેમાં અનેક યજમાનોએ સહભાગી બની ભગવાન શિવના આશીર્વાદ મેળવ્યા હતા.

સમગ્ર યજ્ઞનું સંચાલન પ્રગટેશ્વર ધામના ગોર મહારાજ અનિલભાઇ જોષી અને કશ્યપભાઇ જાની અને સાથી યુવા ભૂદેવ ચિંતન, ઋષિ એ કર્યું હતું. ગોદાવરી નદીના જળથી મંત્રોચ્ચાર સાથે પ્રગટેશ્વરદાદાનો મહા અભિષેક કરાયો હતો.

મહાશિવરાત્રી અવસરે તેમજ તેની પૂર્વસંધ્યાએ રાજોપચાર અભિષેક કરી ભગવાન શિવની સોળસોપચાર મહાપૂજા કરવામાં આવી હતી. આ મહોત્સવ ઉજવણીમાં પ્રગટેશ્વર મહાદેવ સેવા સમિતિના ગુજરાત પ્રમુખ બીપીનભાઇ પરમાર, મહારાષ્ટ્ર પ્રમુખ આર.કે.ખાંડવે, અમિતભાઇ, અપ્પુભાઇ, કૃપાશંકરભાઇ, અશોકભાઇ, પ્રવિણભાઇ, અજયભાઇ, વિપુલભાઇ, જયેશભાઇ, ઝીકુભાઇ, ઇલાબેન, પ્રકૃતિબેન, સીતાબેન, હિરલબેન, અંજુ બેન, મંજુ બેન, દક્ષાબેન, શોભનાબેન, કેતનાબેન, સહિત અનેક મહારાષ્ટ્ર-ગુજરાત શિવપરિવારના શિવભક્તોનો અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો હતો.

શિવરાત્રી નિમિતે શિવસેના દ્વારા શિવપૂજા તેમજ ૧૦૮ દિવડાની મહાઆરતી કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: મહાશિવરાત્રીના પવિત્ર પર્વ નિમિતે શિવસેના રાજકોટ એકમ દ્વારા રામેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાશિવપૂજા તેમજ ૧૦૮ દિવડાની મહાઆરતી કરાય હતી. આ પ્રસંગે ચંદુભાઈ પાટડીયા અને તેમની ટીમ દ્વારા ભાવિકોને ફરાળ-પ્રસાદનો લાભ આપ્યો હતો.

આ મહાપૂજામાં જીમ્મીભાઈ અડવાણી, ચંદુ ભાઈ પાટડીયા, સંજયભાઈ ટાંક, નિલેષભાઈ ચૌહાણ, કિશન સિધ્ધપુરા, પ્રકાશ જંજવાડિયા, રવિ ગોંડલીયા, ભરત મકવાણા, નરોતમભાઈ સહિતનાઓ હાજર રહ્યા હતા.

વડિયા શિવભકિતના રંગમાં રંગાયું

દીપમાળા આરતીમાં સેંકડો ભાવિકો ઉમટ્યા

(કિરીટ જોટવા દ્વારા)

વડિયા: સમગ્ર દેશમાં મહાશિવરાત્રીનો તહેવાર આવતા જ શિવ ભક્તોમાં એક નવી ઉર્જા આવે છે. ત્યારે સમગ્ર દેશના શિવ મંદિરોમાં પણ શિવ દર્શન માટે ભક્તોની ભીડ ઉમટતી જોવા મળે છે. વડિયામાં પણ પૌરાણિક શિવ મંદિરો સુરગેશ્વર મહાદેવ, બિલેશ્વર મહાદેવ, ભીમનાથ મહાદેવ, જડેશ્વર મહાદેવ, કંથડનાથ મહાદેવ, રામનાથ મહાદેવ, ખીલેશ્વર મહાદેવ, કાશી વિશ્વનાથ મહાદેવ, ધુંધલીનાથ મહાદેવ સહીતના મહાદેવના મંદિરોમાં સવારથી જ ભક્તોની ભીડ જોવા મળી હતી. ઉપરાંત દરેક શિવ મંદિરોમાં દીપમાળાની આરતીના દર્શન

સાથે રાત્રે ભજન, કથા સહીતના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ શિવ મંદિરોમાં ભક્તો દ્વારા હર હર મહાદેવના નાદ અને ભાંગનો પ્રસાદ લઈ જાણે સમગ્ર વડિયા શિવ ભક્તિના રંગે રંગાયું હોય તેવુ જોવા મળ્યું હતું.

સાળંગપુરમાં શ્રી કષ્ટભંજનદેવને રૂદ્રાક્ષનો શૃંગાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સાળંગપુર: સાળંગપુર ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર-વડતાલધામ સંચાલિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે મહાશિવરાત્રિ નિમિતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી એવં કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી મંગળા આરતી એવં શ્રી કષ્ટભંજનદેવને રૂદ્રાક્ષના દિવ્ય શણગાર ધરાવી શણગાર આરતી કરવામાં આવી હતી. મહાશિવરાત્રીના પવિત્ર દિને આરતી દર્શન સાથે સાથે અનેક રૂદ્રાક્ષ વડે મહાદેવજીના શિવલીંગ સ્વરૂપે અદ્ભૂત શણગાર ધરાવવામાં આવેલ હતો. નિલકંઠ મહાદેવ મંદિરમાં રાત્રે ૧૦ થી ૧૨ વાગ્યે સંતો દ્વારા પૂજન-અર્ચન-મહાઆરતી એવં મંદિરના પટાંગણમાં વિશેષ માહિતિયજ્ઞનું આયોજન કરવામાં આવેલ સાળંગપુરધામમાં દાદાના રૂદ્રાક્ષના અમૂલ્ય દર્શન-મહાપ્રસાદનો લાભ હજારો હરિભકતોએ લીઇ ધન્યતા અનુભવી હતી.

હળવદના વૈજનાથ મંદિરે પ્રથમ વખત ભસ્મ આરતી

(શિવ મયુર દ્વારા)

હળવદ: મહાશિવરાત્રીનું પાવન પર્વ છે, ભક્તો દેવોના દેવ મહાદેવની આરાધના કરી રહ્યા છે. ત્યારે હળવદનું અતિ પ્રાચીન વૈજનાથ મહાદેવ વર્ષો જૂનું છે. આ મંદિર મીની સોમનાથ તરીકે પણ જાણીતું છે. ભક્તોની આસ્થાના પ્રતીક સમાન છે. આ મંદિર ૫૦૦ વર્ષ જૂનું પ્રાચીન મંદિર છે. વૈજનાથ મહાદેવ મંદિર ખાતે ભસ્મ આરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. હળવદ સૌપ્રથમવાર વૈજનાથ મહાદેવ મંદિરે ભસ્મ આરતી કરવામાં આવી હતી. આબેહુબ મહાકાલની ઝાંખી થતા ભક્તોએ શ્રધ્ધાપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આબેહૂબ મહાકાલની ઝાંખી કરીને ભાવિકોએ ધન્યતા અનુભવી

હોમાત્મક લઘુરૂદ્રયજ્ઞ, ૫૨ ગજની ધ્વજારોહણ, ભાંગપ્રસાદ, મહાઆરતી, સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. વહેલી સવાર થી શિવભક્તો મહાદેવની પૂજા, અર્ચના, અભિષેક અને શિવ ઉપાસના કરવામા ઉમટી પડ્યા હતા. ભક્તોની રોજ અહીં ભીડ રહેતી હોય છે. ભક્તો ખુબજ આસ્થા સાથે વૈજનાથ મહાદેવની આરાધના કરે છે. કરોડોના ખર્ચે આ મંદિરને સોમનાથ મંદિર જેવો આકાર આપવામાં આવ્યો હોઈ તે મીની સોમનાથ તરીકે પણ જાણીતું છે.

શિવલીંગ પર જળ-દૂધનો અભિષેક કરાયો

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ: સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ જસદણ નજીકના ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઘેલા સોમનાથ ખાતે ગઇકાલે મહા શિવરાત્રીનાં દિવસે આખો દિવસ જળાભિષેક તથા દુધ અભિષેક થયો હતો. દર્શનાર્થીઓ માટે મંદિર ૨૪ કલાક ખુલ્લુ રહ્યું હતું. વહેલી સવારે ૫ કલાકે મંગળા આરતી, બપોરના ૧૧ કલાકે મહાપુજા, બપોરના ૧૨ કલાકે મહા આરતી, સાંજે ૭-૩૦ કલાકે સંધ્યા આરતી, રાત્રે ૯ કલાકે ચાર પ્રહરની પ્રથમ આરતી, રાત્રે ૧૨ કલાકે ચાર પ્રહરની બીજી આરતી, રાત્રે ૨ કલાકે ચાર પ્રહરની ત્રીજી આરતી તા. ૨-૩ ને બુધવારે વહેલી સવારે ૫ કલાકે ચાર પ્રહરની ચોથી આરતી કરવામાં આવી હતી.

મંગળા આરતી, મહાપૂજા અને ચાર પ્રહરની મહાઆરતીમાં સેંકડો શિવભકતો ઉમટ્યા

દાતાના સહયોગથી દાદાને ધ્વજા ચડાવવામાં આવી હતી. દર્શનાર્થી માટે મંદિર ટ્રસ્ટ અને દાતાના સહયોગથી ભાવિકો માટે ફરાળ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને અંદાજે નવ હજાર જેટલા ભાવિકોએ પ્રસાદનો લાભ લીધો હતો. ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટ તરફથી મહાશિવરાત્રીની ઉજવણી કલેકટર રાજકોટની સુચના મુજબ જસદણ નાયબ કલેકટર કે. વી. બાટીની દેખરેખ હેઠળ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી તેમ મનુભાઈ શિલુએ જણાવ્યું હતું.

ચોટીલામાં બ્રહ્મકુમારીઝ દ્વારા સતત ૧૫મા વર્ષે મહાશિવરાત્રી પર્વની દિવ્ય ઉજવણી

(મોહસીનખાન પઠાણ દ્વારા)

સુરેન્દ્રનગર: મહાશિવરાત્રી નિમિતે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ચોટીલા દ્વારા રાજ પેલેસ હોટલ પાછળ ૮૬મી શિવ જયંતિની ઉજવણીના ભાગરૂપે બર્ફીલા બાબા અમરનાથનું આબેહૂબ શિવલિંગ શિવભક્તો માટે દર્શનાર્થે બનાવવામાં આવ્યું હતું. ૧૫ વર્ષથી અવિરત મહાશિવરાત્રીએ બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ચોટીલા દ્વારા બર્ફીલા બાબા અમરનાથનું આયોજન કરવામાં આવે છે. જેમાં આ વર્ષે લોમેવધામ ધજાણાના મહંત ભરતબાપૂના હસ્તે સવારે ૧૦ કલાકે આ બરફથી બનાવેલ શિવલિંગ ખુલ્લું મુકાયું હતું. સવારથી જ શિવભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. આ સાથે જ વિશેષ આકર્ષણ રૂપે કૈલાશ પર્વત, માન સરોવર અને બ્રહ્માકુમારીનો આધ્યાત્મિક સ્ટોલ જેમાં બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયનો ઉદ્દેશ શું છે તે વિસ્તૃત સમજાવવામાં આવ્યું હતું. મહાશિવરાત્રી નિમિતે યોજાયેલ આ શુભ કાર્યને સફળ બનાવવા ચોટીલા સેવા કેન્દ્રના બ્રહ્માકુમારી મીરાબેનની આગેવાનીમાં મહેશભાઈ મૂળિયા, વાઘુભાઈ ખવડ, ભનુભાઈ ખવડ, દિનેશભાઈ મિસ્ત્રી, બ્રહ્માકુમારી કિશુબેન, બ્રહ્માકુમારી ઉમાબેન તેમજ સમગ્ર બ્રહ્મવત્સ પરિવારે ખૂબ જહેમત ઉઠાવી હતી. સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી આ બર્ફીલું શિવલિંગ દર્શાર્થીઓ માટે રાખવામાં આવ્યું હતું તેમજ સંધ્યા સમયે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

દામનગરના ખોડિયાર મંદિરે સમુહ ભોજન, સરબત વિતરણ

(નટવરલાલ ભાતિયા દ્વારા)

દામનગરના ધુફણીયા રોડ પર આવેલ શ્રી ખોડિયાર માતાજીના મંદિરે દર વર્ષની પરંપરા મુજબ મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિતે માતાજીનો થાળ સમૂહ ભોજન તેમજ ઉનાળાની ગિષ્મમાં વટેમાર્ગુ જનતા માટે હેત વરસાવતી શરબત સેવા શરૂ કરાઈ હતી. ખોડિયારમાતાજી મંદિરના મહંત પૂજ્ય શ્રી પ્રિતમદાસ બાપુ અને પૂજ્ય ભક્તિગીરી માતાજી દ્વારા દરરોજ બપોરના ૨ થી ૫ કલાક સુધી ઠંડુ શરબત સૌને પાવામા આવે છે. જેનો મહાશિવરાત્રી પ્રસંગે વિદ્વાન ભગવતાચાર્ય પૂજ્ય ભક્તિગીરી માતાજીના હસ્તે કરાયો હતો.

બ્રહ્મદેવ સમાજ દ્વારા મહાશિવરાત્રીની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: બ્રહ્મદેવ સમાજ દ્વારા અનેક શહેરોમાં મહાશિવરાત્રીની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. રાજકોટ શહેરમાં વેદ માતા ગાયત્રી ધામ ખાતે આવેલ શુકલેશ્વર મહાદેવના સાનિધ્યમાં રૂદ્રી અને યજ્ઞ કાર્યક્રમ બ્રહ્મદેવ સમાજના પ્રમુખ વિરાગભાઈ જોષીના માર્ગદર્શન નીચે યોજાયેલ આ કાર્યક્રમ સફળ બનાવવા યુવા પાંખના પ્રમુખ આનંદ પુરોહીત, મહામંત્રી દર્શન પંડીયા, સાંસ્કૃતિક સેલના ચિતનભાઈ દવે, મનોભાઈ રાજગોર, જીજ્ઞેશભાઈ ત્રિવેદી, પરિમલભાઈ પંડીયા, જેવીક જાની, હર્ષીત ઠાકર, બ્રીજેશ મહેતા, શાસ્ત્રી હિરેનભાઈ ત્રીવેદી, ગૌરાંગ ત્રીવેદી, પ્રેમ મહેતા, ચંદુભાઈ પુરોહીત, સહીતનાએ જહેમત ઉઠાવી હતી. આ તકે બ્રહ્મસમાજના નામી અનામી અનેક આગેવાનો ઉપસ્થિત રહેલ હતા. આ રૂદ્રી અને યજ્ઞમાં રાજકોટના સનાતની ધર્મપ્રેમી પરિવારોએ લાભ લીધો હતો. જેમાં ૨૦૦ થી વધારે લોકોએ યજ્ઞમાં બેસી અને મહાદેવના આર્શીવાદ મેળવ્યા હતા.

વેદમાતા ગાયત્રીધામ ખાતે રૂદ્રી-મહાયજ્ઞમાં ભાવિકો ઉમટ્યા

મોટાદડવાના ધીંગેશ્વર મંદિરે બરફના શિવલિંગનું નિર્માણ



(બ્રિજેશ વેગડા દ્વારા) મોટાદડવા ખાતે ધીંગેશ્વર મહાદેવ ખાતે ત્રણ પ્રહરની આરતી સાથે સુંદર શણગાર સાથે શિવાલય શોભાવ્યું હતું. આ તકે મોટાદડવાના મુકેશભાઈ વેકરિયાએ પોતાના ફ્રિજમાં અઢી ફૂટના મસમોટા શિવાલય બરફના શિવાલય બનાવ્યા. જેમાં ગુલાબ ના ફૂલ બિલ્વ અંદર જ ગોઠવી એકરેલીક સમાં શિવાલય જોવા મળ્યા હતા.ગ્રામજનોને દર્શનનો લાભ મળે તે હેતુ સાથે ધીંગેશ્વર મહાદેવના નિજ મંદિરમાં મુકવામાં આવ્યા હતા. જેમની પૂજા અર્ચના ઘનાભાઈ ડાંગર દ્વારા કરવામાં આવી હતી.

સમસ્ત વઘાસિયા પરિવારના સુરાપુરા પાતાદાદાના નુતન મંદિરનો શિલાયન્સ મહોત્સવ વલારડી ખાતે યોજાશે



કાલે રાત્રે ૯ કલાકે ભવ્ય સંતવાણીનું આયોજન, શુક્રવારે બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: સમસ્ત વઘાસિયા પરિવારના સુરાપુરા પાતાદાદાના નુતન મંદિરનો શિલાન્યાસ મહોત્સવ આગામી તા.૪ ને શુક્રવારના રોજ દિવ્યધામ વલારડી ખાતે યોજાશે.

આ મહોત્સવ ઉપક્રમે આવતીકાલે ગુરૂવારે રાત્રે ૯ કલાકે ભવ્ય સંતવાણીનું આયોજન કરાયું છે. આ સંતવાણીમાં દિનેશ વઘાસિયા (લોક ગાયક), અપેક્ષા પંડયા (લોક ગાયક) અને હિતેષ અંટાળા (હાસ્ય કલાકાર) પોતાની કલા પરિસશે.

મહોત્સવ ઉપક્રમે તા.૪ ને શુક્રવારે સવારે ૮:૩૦ કલાકે વાલરડીથી જલયાત્રા યોજાશે. ૨૧ માળા હોમાંક ૫૧ કુંડી યજ્ઞ સવારે ૯:૩૦ કલાકથી સાંજે ૪:૩૦ કલાક સુધી યોજાશે. મહાપ્રસાદ બપોરે ૧૨ કલાકે યોજાશે. આ મહોત્સવનો લાભ લેવા દરેક ભકતજનોને હાર્દિક આમંત્રણ પાઠવાયું છે.

આ સમગ્ર મહોત્સવનું લાઈવ પ્રસારણ દિવ્યધામ ઓફિશયલ યુ-ટયુબ અને ચેનલ પરથી કરવામાં આવશે તેમ મીડિયા ઈન્ચાર્જ સુભાષ વઘાસિયાએ જણાવ્યું છે.

રાજકોટ જિલ્લા પંચાયતમાં વિકાસ કાર્યોની સમીક્ષા

પ્રમુખ ભુપતભાઈ બોદરની ઉપસ્થિતિમાં નવા–જૂના કામો અંગે ચર્ચા બાદ કડક સૂચના અપાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

રાજકોટ જીલ્લા પંચાયત ખાતે પ્રમુખ ભૂપતભાઈ બોદરના અધ્યક્ષસ્થાને ડો.શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન યોજના અંતર્ગત જીલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન મુજબ મિટિંગ યોજાઈ હતી. જેમાં આ કલસ્ટરને લગતા તમામ અધિકારી અને એજન્સીઓના વ્યક્તિઓ હાજર રહેલ જેમને પ્રમુખએ અને જીલ્લા વિકાસ અધિકારીએ કડક શબ્દોમાં તાકીદે ઘટતા કામો પૂર્ણ કરવાની સુચના આપી હતી. બાકી રહેતી ૧૫ કરોડની રકમના તત્કાલ આયોજન કરવા તલાટીમંત્રીને સુચના આપી હતી.

તમામ સરપંચો સાથે ચર્ચા કરી આવતા દિવસોમાં ડો.શ્યામા પ્રસાદ મુખર્જી આટકોટ કલસ્ટરમાં આવતા ૫ (પાંચ) આટકોટ, વીરનગર, જંગવડ, પાંચવડા, ખારચિયા ગામોને પુરતી સવલત અને રોજગારી મળી રહે એવી મિટિંગમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રાજકોટ જિલ્લા પંચાયતના સદસ્ય દક્ષાબેન પરેશભાઈ રાદડીયા, આટકોટ સરપંચ લીલાવંતીબેન દેવશીભાઈ ખોખરીયા, વિરનગર સરપંચ નટુભાઈ સોલંકી, જંગવડ ઉપસરપંચ દિનેશભાઈ સિધ્ધપરા, પાંચવડા સરપંચ હરીભાઈ મકવાણા, ખારચીયા-જામ સરપંચ દક્ષાબેન ચોવટીયા, ગ્રામ પંચાયતના સદસ્યો, આગેવાનોએ જીલ્લા પંચાયત ખાતે પ્રમુખ ભૂપતભાઈ બોદર અને જીલ્લા વિકાસ અધિકારીનો સંતોષકારક માર્ગદર્શન આપેલ અને તે બદલ ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

મોઢ વણિક સમાજના ઉત્થાન માટે પરિભ્રમણ

અગ્રણીઓએ ત્રણ દિવસ વિવિધ શહેરોમાં મોઢ વણિક મંડળોને મળીને ચર્ચા કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

ઓલ ઇન્ડિયા મોઢ વણિક સમાજના પ્રમુખ યોગેશભાઈ શાહ, માનદ મંત્રી નવિનભાઈ ગાંધીએ ત્રણ દિવસ સૌરાષ્ટ્રનાં પ્રવાસમાં વિવિધ શહેરોનાં મોઢ વણિક મંડળો મળી મોઢ વણિક જ્ઞાતિનું સારી રીતે ઉત્થાન-ઉદય કોઇ જ્ઞાતિબંધુ મેડીકલ સહાયથી વંચિત ન રહે તેની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

મોઢ વણિક જ્ઞાતિબંધુનો અભૂતપૂર્વ આવકાર મળવા સાથે દાતાઓ ઉદાર હાથે વોટસએપ ગ્રુપમાં જોડાઇને દાનની સરવાણી વહાવવા કટીબધ્ધ બન્યા હતા. સૌરાષ્ટ્રની મુલાકાતની અદ્ભૂત પ્રતિસાદથી ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજના હોદેદારોએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. વિવિધ મંડળોના પ્રતિનિધિ દ્વારા સન્માન કરાયું હતું. સંસ્થાના ઉપપ્રમુખ તરીકે અશ્વિનભાઈ પટેલ, કમિટી મેમ્બર તરીકે હિરેનભાઈ મહેતાની વરણી કરાઈ હતી.

દિકરાના ઘર વૃધ્ધાશ્રમની મુલાકાતે પધારેલ પ્રમુખ યોગેશભાઇ શાહ તથા માનદ મંત્રી નવિનભાઇ ગાંધીનું ઉષ્માભેર કર્તવ્ય સન્માન મોમેન્ટો અર્પીને સન્માનજી કર્યું હતું.

રાજકોટની કામગીરી વધુ વેગવાન કરવા ઉપપ્રમુખ તરીકે અશ્વિનભાઇ પટેલ, તથા રાજકોટના પ્રોજેકટના પ્રોજેકટ ચેરમેન તરીકે કમિટી મેમ્બર તરીકે હિરેનભાઇ મહેતાની વરણી કરેલ. તેવી જ રીતે જામનગરમાં ઉપપ્રમુખ તથા પ્રોજેકટ ચેરમેન જામનગરના નિરવભાઇ વડોદરીયાની વરણી કરવામાં આવી હતી.

ઓલ ઇન્ડિયા મોઢ વણિક સમાજ, મેડીકલ સહાય, શૈક્ષણિક સહાય, વિધવા સહાય જેવી લોકભોગ્ય કાર્ય કરે છે. છેલ્લા થોડા ટાઇમમાં જ એક કરોડ દશ લાખથી વધુ રકમની સહાય દાતાઓનાં સહયોગથી આપી ચુકયું છે.

વિશ્વ વન્યજીવન દિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

વિશ્વભરમાં દર વર્ષે ૩ માર્ચે વિશ્વ વન્યજીવન દિવસની ઉજવણી કરવામાં આવે છે. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૩નાં રોજ, યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ, તેની ૬૮ મી મહાસભામાં, વિશ્વભરનાં લોકોને વન્યપ્રાણી સંરક્ષણ માટે જાગૃત કરવા અને વનસ્પતિની લુપ્તપ્રાય જાતિ અંગેની જાગૃતિ માટે દર વર્ષે ૩ માર્ચે વિશ્વ વન્ય જીવન દિવસની ઉજવણી કરવાની ઘોષણા કરી હતી. જૈવ વિવિધતાની સમૃદ્ધિ પૃથ્વીને રહેવાલાયક બનાવવા માટે યોગ્ય બનાવે છે, પરંતુ આજના સમયની વક્રોક્તિ એ છે કે સતત વધતું પ્રદૂષણ વાતાવરણ પર એ રીતે વિપરિત અસર કરી રહ્યું છે કે જેના ખરાબ પરિણામ તરીકે જીવ-જંતુઓ અને વનસ્પતિઓની અનેક પ્રજાતિઓ ધીરે-ધીરે લુપ્ત થવાને આરે છે. રાજ્યમાં દુર્લભ પ્રાણીઓનાં સંરક્ષણ કાર્યક્રમ અન્વયે ઘણાં રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યો પણ છે. રાજ્યમાં સિંહ, દીપડા, રીંછ, ઘુડખર, કાળીયાર, મગર જેવા વન્યજીવોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં ૫૧૩ જાતિના પક્ષીઓ, ૧૧૪ પ્રજાતિઓનાં સરીસૃપ અને ઉભયજીવી જાતો, ૧૧૧ પ્રજાતિનાં સસ્તન પ્રાણીઓ અને ૭૦૦૦થી વધારે પ્રજાતિઓનાં કીટકો અને મૃદુકાય જીવો જોવા મળી રહ્યા છે. જેમાંથી હવે ઘણા જીવો અલભ્ય થવા લાગ્યા છે. આ વન્ય જીવન દિવસ નિમિત્તે વનોની સંખ્યામાં વધારો થાય એ બાબતે પ્રયાસો કરવા જોઈએ જેથી વન્ય પ્રાણીઓનું રક્ષણ થઈ શકે.

- મિત્તલ ખેતાણી

જૂની પેન્શન યોજના ફરી ચાલુ કરો

ગુજરાત રાજય તલાટી–મંત્રી મહામંડળ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

ગુજરાત રાજય તલાટી-મંત્રી મહામંડળ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ છે કે, સમગ્ર દેશમાં તા.૧-૪-૨૦૦૫ થી જુની પેન્શન યોજના બંધ કરી નવી પેન્શન યોજના અમલી બનાવેલ છે. અન્ય રાજયમાં ૧-૪-૨૦૦૫ પહેલાં નિમણૂંક પામેલા અને ૨૦૦૫ પછી પૂરા પગારમાં આવેલાને જુની પેન્શન યોજના આપવામાં આવેલ છે. જયારે ગુજરાત રાજ્યમાં તા.૧-૪-૨૦૦૫ પહેલાં નિમણૂંક પામેલાને જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવેલ નથી. જેથી રાજ્યના તલાટી કમ મંત્રીઓને ખૂબ અન્યાય થયેલ છે.

રાજસ્થાન સરકાર જૂની પેન્શન યોજના આપવાની જાહેરાત કરતી હોય તો ગુજરાત એ તો પ્રગતિશીલ રાજ્ય છે અને જ્યારે દેશના વડાપ્રધાન પદે ગુજરાત રાજ્યમાંથી નરેન્દ્રભાઈ મોદી પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. ત્યારે ગુજરાતના તલાટી કમ મંત્રીઓ અને કર્મચારીઓની લાગણી અને માંગણી છે કે ગુજરાતમાં પણ રાજ્યના કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ મળે તે માટે સત્વરે જાહેરાત કરવી જોઈએ. ચાલુ વર્ષના અંતમાં રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. ત્યારે નાછૂટકે રાજ્ય કર્મચારી સંઘના આદેશાનુસાર રાજ્ય લેવલે કાર્યક્રમો કરવા પડશે. જેથી વિનંતી સહ રજૂઆત છે કે અન્ય રાજ્યોની માફક ગુજરાત રાજ્યમાં પણ જુની પેન્શન યોજના ચાલુ કરવાની સત્વરે જાહેરાત કરવામાં આવી જોઈએ. તેમ અંતમાં જણાવ્યું છે.

દૂધ સંઘે દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂા.૧૦નો વધારો

ડેરીના ચેરમેન ગોરધનભાઇ ધામેલીયાની જાહેરાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

દૂધ સંઘ દ્વારા ડિસ્ટ્રીક્ટ કો-ઓપ. બેંકના ચેરમેન જયેશભાઇ રાદડિયાના માર્ગદર્શન હેઠળ અને ગોરધનભાઇ ધામેલીયાની અધ્યક્ષતામાં તથા નિયામક મંડળના સાથ સહકારથી પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે. હાલ કપાસીયા ખોળ અને ખોળદાણાના ઉંચ ભાવો ધ્યાનમાં રાખીને તેમજ અમુલ પાઉચ દૂધમાં થનાર ભાવ વધારાનો સીધો લાભ દૂધ ઉત્પાદકોને મળી રહે તે માટે દૂધ સંઘે દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ. ૧૦નો વધારો કરીને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ. ૬૮૦ કરવા નિર્ણય નક્કી કરેલ છે. અત્યારે દૂધ મંડળીઓને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ. ૬૭૦ ચુકવવામાં આવી રહ્યો છે. ગયા વર્ષે આ સમયે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૧માં મંડળીઓને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ. ૬૪૦ ચુકવવામાં આવતો હતો. દૂધ સંઘ દ્વારા આજે તા. ૧થી દૂધ મંડળીઓને પ્રતિ કિલો ફેટે રૂ. ૬૮૦ ચુકવવામાં આવશે અને દૂધ મંડળીઓ તેના દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ. ૬૭૫ ચુકવશે. આ નિર્ણયથી દૂધ સંઘ સાથે જોડાયેલ ૫૦ હજાર દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો થશે તેવી જાહેરાત દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઇ ધામેલીયાએ કરેલ છે તેમજ અમુલ પાઉચ દૂધમાં ભાવ વધવાથી સંઘને આર્થિક ફાયદો થશે તેનો સીધો લાભ દૂધ ઉત્પાદકોને દૂધ ખરીદ ભાવ વધારીને આપી શકાય તે માટેનો નિર્ણય સંઘનું નિયામક મંડળ કરશે.

તિલકેશ્વર મંદિરે ૨૦૦૦ જેટલા ફરાળ-પ્રસાદનો લાભ લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

રાજકોટના તિલકેશ્વર મંદિર, કુવાડવા રોડ ખાતે મહાશિવરાત્રીએ આરતી બાદ બપોરે ૧૨ કલાકથી ફરાળ આપવાનું ચાલુ કર્યું હતું. જેમાં આશરે ૨૦૦૦ જેટલા શિવભક્તોએ ફરાર લીધો હતો.

જયેશ ભાઈ શિંગાળા, કેતનભાઇ જવાણી, તિલકેશ્વર મંદિરના મહારાજ અશોક ગીરીના સહયોગથી આ ફરાળનું આયોજન સંભવ બન્યું હતું. ત્યારે ભીડમાં સોશિયલ ડિસ્ટન્સનું પાલન થાય તેની પણ કાળજી લેવામાં આવી હતી.

માણાવદરમાં પશુપાલન શિબિરમાં ૩૦૦ થી વધુ પશુપાલકો સહભાગી

(જીગ્નેશ પટેલ દ્વારા)

માણાવદર, તા.૨

પશુપાલન ખાતુ ગુજરાત રાજ્ય અને જિલ્લા પંચાયત જૂનાગઢ અને પશુ દવાખાના માણાવદર ના સંયુક્ત ઉપક્રમે તાલુકા કક્ષાની પશુપાલન શિબિર અને પ્રદર્શન માણાવદર મુકામે આયોજન કરવામાં આવેલ હતું આ પશુપાલન શિબિરનું ઉદઘાટન જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન દિનેશભાઈ ખટારીયા, કંચનબેન ડઢાણીયા, દિનેશભાઈ ખટારીયા, જીવાભાઈ મારડિયા દ્વારા કરવામાં આવેલ હતું .

પશુ શોષણ, પશુ રોગચાળા, પશુ સંવર્ધન, રસીકરણ, સજીવ ખેતી અને પશુપાલન ખાતાની વિવિધ સહકારી યોજનાઓની વિસ્તૃત માહિતી જિલ્લા માંથી આવેલ અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી. આ શિબિરમાં ૩૦૦થી વધુ પશુપાલકોએ ભાગ લીધો હતો અને આ શિબિરને સફળ બનાવવા માણાવદર પશુ દવાખાના ડો.એન.જે ફળદુ તથા પશુપાલન ટીમે ખાસ જહેમત ઉઠાવી હતી.

હળવદના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

અમર મહેલ ખાતે હળપૂજન, ગૌપૂજન, અશ્વપૂજન, શિવશકિત પૂજન વગેરે યોજાયા

(શિવ મયુર દ્વારા)

હળવદ, તા.૨

હળવદના ૫૩૪ માં સ્થાપના દિવસ નિમિતે અમર મહેલ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ઇ.સ ૧૪૮૮ સ્વતંત્ર ૧૫૪૪ના મહાવદ તેરસ (મહાશિવરાત્રી) ને સોમવારના દિવસે હળવદ ગામનો પાયો રાજા રાજોધરજીએ નાખ્યો હતો. હળવદ અનેક યુદ્ધો ખેલાયા હતા. મહાશિવરાત્રિના પાવન પર્વ હળવદના ૫૩૪ સ્થાપના દિન નિમિત્તે અમર મહેલ ખાતે હળ પૂજન,ગૌ પૂજન,અશ્વ પૂજન, શિવ અને શક્તિની પૂજા વગેરે કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત મહારાજકુમાર દેવરાજ સિંહજી વિરેન્દ્રસિંહ ઝાલા ઓફ ધાંગધ્રા અને રાજ રાણા પ્રહલાદ સિંહ ઝાલા સોખડા અમર મહેલ ખાતે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હળવદના શરણેશ્વર મહાદેવ મંદિર ખાતે તસવીર અનાવરણ કરવામાં આવી હતી. હળવદ સ્થાપના દિન નિમિત્તે મહોત્સવમાં હળવદ સ્થાપના દિન સમિતિ, ઝાલાવાડ પ્રાંત, હળવદ ધ્રાંગધ્રાના ક્ષત્રિય સમાજના આગેવાનો તથા ઝાલાવાડ ક્ષત્રીય સમાજ સુરેન્દ્રનગરના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વુમન્સ-ડે ની ઉજવણી અંતર્ગત રવિવારે નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

સર્જક ફિઝીયોથેરાપી કલીનીક તથા સર્જક વુમન્સ હેલ્થ સર્વિસિઝ દ્વારા ૮ માર્ચ વુમન્સ ડે આવતો હોય તેની ઉજવણીનાં ભાગરૂપે સર્જક ફિઝીયોથેરાપી કલીનીક ૩- યોગીનગર, રૈયા ચોકડી પાસે તા.૬. માર્ચ નાં રોજ શરીરનાં કોઈપણ સાંધા તથા સ્નાયુઓનાં દુઃખાવા, ફેકચર પછીની સારવાર, ગરદન અને કમરનાં મણકાનો ઘસારો ગાદિ ખસી જવી પગમાં ખાલી ચડીની તેમજ સ્ત્રીઓને થતી વિવિધ તકલીફો જેવી કે અનિયમિત માસિક, માસિક પહેલા અને માસિક દરમ્યાન થતા દુખાવા. અંડાશયમાં ૬ (પોલીસીસ્ટીક ઓવેરીઅન ડીસીઝ) ગર્ભાવસ્થા પહેલાં ગર્ભાવસ્થા દરમિયાંનની કસરતો, પ્રસુતી બાદની કસરતો, મેનોપોઝને લીધે ની તકલીફો જેવી કે હોર્મોનમાં ફેરફાર, પેશાબ લીક થવો, ગભરામણ થવી. સાંધાના દુઃખાવા, વગેરે તકલીફો માટે માતાને સલાહ તથા સારવાર માટે સવારે ૯ થી ૧ દરમ્યાન નિઃશુલ્ક નિદાન તથા ફિઝીયોથેરાપી સારવાર આપવામાં આવશે. આ સેવાનો લાભ લેવા ફોન અથવા વોટ્સએપ ૯૯૯૮૮૧૦૦૬૩ પર એપોયમેન્ટ નોંધાવી શકાશે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિને બહેનો માટે વાનગી-વેસ્ટ ટુ બેસ્ટ સ્પર્ધા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ સંચાલિત ગુલાબચંદ તલકચંદ શેઠ પુસ્તકાલય દ્વારા આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિતે તા.૭ને સોમવારના સાંજે ૪ વાગ્યે માત્ર બહેનો (૧૮ વર્ષથી ઉપરના) માટે વાનગી સ્પર્ધા (ફરસાણ, મિઠાઈ, શરબત) તથા વેસ્ટમાંથી બેસ્ટ (હેન્ડીક્રાફટ) સ્પર્ધાનું આયોજન કરેલ છે. જે કોઈ બહેનોને આ સ્પર્ધામાં ભાગ લેવો હોય તેમણે તા.૧-૩ સુધીમાં સરદાર સ્મારક ટ્રસ્ટ સરદાર ભવન કિશાપરા ચોક રેષકોર્ષ રોડ ખાતે સવારે ૯ થી ૧ સાંજે ૩ થી ૭ના સમયમાં રૂબરૂ આવી રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. દરેક સ્પર્ધામાં પ્રથમ દ્વિતીય, તુતીય, એમ ત્રણ ઈનામ આપવામાં આવશે. આ સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે ટોકશોનું આયોજન પણ કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે સંસ્થાના ફોન નં.૦૨૮૧ ૨૪૪૪૯૦૮ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

દામનગરમાં આખલા-યુધ્ધથી મુકિત કયારે?

વધુ એક વખત ખતરનાક આખલાઓએ રાહદારીઓને બાનમાં લેતાં રોષ

(નટવરલાલ ભાતિયા દ્વારા)

દામનગર, તા.૨

દામનગર શહેરમાં મુખ્ય બજારો અને રહેણાંક વિસ્તારોમાં વારંવાર સર્જાતા અખલા યુધ્ધથી શહેરીજનોને મુકિત મળશે? કે કેમ લાચાર શહેરીજનો ભોગ બની રહ્યા છે પાલિકા તંત્રનું દેખ તમાશા દેખ ક્યાં સુધી ચાલશે? તેવા સવાલ ઉઠયા છે. દામનગર શહેરમાં અખલા યુધ્ધથી બે કલાક સુધી ચાર તરફ જતા રસ્તા અવાર નવાર બ્લોક થાય છે સવાર ના ૯ કલાકે શરૂ થયેલ આખલા યુધ્ધથી રહેણાંક વિસ્તારોમાં શાકભાજી કે લોટ દળતી ઘંટી અન્ય ખરીદી કરી ઘેર જતી મહિલા ઓ રાહદારી વૃદ્ધ વ્યક્તિ ઓ કલાકો સુધી અખલા યુધ્ધ સમામિની પ્રતિક્ષા કરવી પડી હતી. સવારના કે કે નારોલા સ્કૂલ પાસે ભારે ધમાસાણ અખલા યુધ્ધની ભય ટુવહીલ ફોરવહીલ ગાડી અને મકાનના દરવાજા ઓને ભારે નુકશાન કચેરી ચોક પાસે મુખ્ય બજારમાં કરીયાણુ ખરીદી કરતા એક વૃદ્ધ મહિલાને અડફેટે લેતા સારવારમાં લઈ જવાયા હતા. શહેરની સરદાર ચોકથી જૂની શાકમાર્કેટથી લઈ અજમેરા શોપિંગ ખોડિયાર ચોક લુહાર શેરી ગંધિયા શેરી કચેરી ચોક ઢીકુંડીવાડી શાળા ઓ પાસે છભાડીયા પબ્લિક પ્લેસ જાહેર માર્ગો ઉપર અવિરત અડિંગો જમાવતા આખલા શહેરથી ભય અનુભવતા શહેરીજનો ને આવા ત્રાસ માથી શાસકો મુકિત અપાવી શકશે ? દરેક વિસ્તારો અસંખ્ય આખલા રહેણાંક વિસ્તારો માં માતેલા સાંઢનો કાયમી આતંક વધી રહ્યો છે ત્યારે સ્થાનિક નગરપાલિકા શેની રાહ જુવે છે?

આકાશવાણી રાજકોટ કેન્દ્રના સ્ટેશન ડાયરેકટર ડો.વિપુલ ત્રિવેદીનો વિદાય સમારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

આકાશવાણી રાજકોટ કેન્દ્રના સ્ટેશન ડાયરેકટર-પ્રોગ્રામ હેડ ડો. વિપુલભાઇ ત્રિવેદી નિવૃત થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં આકાશવાણી રાજકોટ કેન્દ્રના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. ગઇકાલ તેઓ પ્રોગ્રામ હેડ તરીકે સેવા આપીને નિવૃત થયા છે. ડો.વિપુલભાઇ ત્રિવેદીના વિવિધ કાર્યક્રમોને ૭ જેટલા એવોર્ડ મળ્યા છે. ડો.વિપુલભાઇ ત્રિવેદી આકાશવાણીમાં યુવવાણી, ઉદ્યોગજગત, સુરીલી સફર,આરોગ્ય સહિતના કાર્યક્રમોમાં સેવા આપી ચુકયા છે. તેઓએ સુરીલી સફર નામના કાર્યક્રમનું લાઇવ ફોન ઇન કાર્યક્રમમાં રૂપાંતર કરીને એક નવો ચિલો ચાલુ કર્યો હતો. ગઇકાલે વિદાય સમારંભમાં આકાશવાણી કેન્દ્રના અધિકારીઓ અને કર્મચારીઓએ પુષ્પગુચ્છ આપીને તેમની સેવાને બિરદાવી હતી.

જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ધાબાળાનું વિતરણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટને ગુરૂવારે પાંચ વર્ષ પુરા થતા હોવાથી તેની ઉજવણીના ભાગ રૂપે ટ્રસ્ટ દ્વારા ગરીબોમાં ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અત્યારે ખૂબ જ ઠંડી હોવાથી જરૂરિયાતમંદોને ૧૮૦ ધાબળા નું વિતરણ કરવાનું નક્કી કરેલ છે. તેના ભાગરૂપે આ ધાબળાનું વિતરણ જુદા-જુદા ત્રણ રાઉન્ડમાં રાજકોટના લાલ પરી, આજી ડેમ, સોરઠીયા વાડી વગેરે વિસ્તારોમાં રહેતા શ્રમિકોમાં કરવામાં આવ્યું હતું. ધાબળા વિતરણ માં ચેરમેન ઉમેશ મહેતાની સાથે દેવી મહેતા, કલ્પેશભાઈ, કનુભાઈ પરમાર, અનંતભાઈ રાજા, મહેશભાઈ તથા પ્રવિણભાઈ ચડોતરા એ જહેમત ઉઠાવી હતી.

૫ લાખના ચેક રિટર્નનો કેસ ડી.ડી. કરી આરોપીને છોડી મુકયાનો નીચલી અદાલતનો હુકમ રદઃ ટ્રાયલ શરૂ થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

શહેરમાં અનેક લોકોનું કરોડોનું ફુલેકુ ફેરવવાનો જેના ઉપર આરોપ છે. તેવા આરોપી અભિજીત મહેશ જાગાણી સામે મેહુલ વિઠ્ઠલભાઈ સાવલીયાએ રૂ. ૫ લાખનો ચેક રિટર્ન થયા અંગે ફરિયાદ નોંધાયેલી, જે નીચલી અદાલતે કેસ ડી.ડી. કરી આરોપીને છોડી મુકવા હુકમ કરેલો, જે હુકમ સેશન્સ કોર્ટ રદ્દ શરૂ કરવા આદેશ કર્યો છે. કેસની હકીકત જોઈએ તો ફરીયાદ તથા આરોપી બીગબજાર પાસે ચંદ્રપાર્ક સોસાયટીમાં રહેતા હોય મિત્રો હોય આરોપીને ધંધા માટે ટુંક સમય માટે તાત્કાલિક રકમની જરૂરત પડતા રૂ.૫,૦૦,૦૦૦ પંદર દિવસમાં કરવાની શરતે લઈ જઈ પ્રોમીસરી નોટ લખી આપી તે રકમ પરત કરવા ચેક આપેલ જે રિટર્ન થતા ફરીયાદ દાખલ કરવામાં આવેલી આરોપી વિરૂદ્ધ સમન્સ ઈસ્યુ થતા આરોપી તથા તેના પરીવારજનો જાણી જોઈ ઈરાદા પુર્વક સમન્સની બજવણી ટાળતા હોય, ફરીયાદપક્ષની લાપરવાહી માની નીચેની અદાલતે ફરીયાદીએ નારાજ થઈ રાજકોટની સેશન્સ અદાલતમાં રીવીઝન દાખલ કરી હતી.

ફરીયાદીના એડવોકેટ સુરેશ ફળદુ મારફત એવી રજૂઆત કરવામાં આવેલ કે, ફરીયાદી તરફથી સતત આરોપીને સમન્સ બજાવવા પ્રયાસ કરેલ અને આરોપી તથા તેના પરીવારજનોએ ઈરાદા પૂર્વક બજવણી ટાળેલ હોવાની હકીકતો રેકર્ડ પર હતી, હાથોહાથ સમન્સ લઈ પોલીસ કમિશ્નર મારફત તેમજ નોડલ ઓફીસર મારફત બજવણી કરવા પ્રયાસ કરેલ છે.

છતા નીચેની અદાલતે ફરીયાદી ડીસમીસ કરી આરોપીને સમન્સની બજવણી થવા માટે અદાલતના માધ્યમથી, રજીસ્ટર એડીના માધ્યમથી, પોલીસ તેમજ નોડલ ઓફીસરના માધ્યમથી સમયાંતરે સમન્સની બજવણી થવા માટે પ્રયાસ કરેલની હકીકતો રેકર્ડ પર છે.

છતાં લોક અદાલતમાં મેટર ડી.ડી. કરવામાં આવેલ હોય અને ન્યાયના વિશાળ હીત ખાતર કેસ ડી.ડી.કરતા અગાઉ ફરીયાદીને તક આપવા નોટીસ સુધા કરવામાં આવેલ ન હોય રીવીઝન મંજુર થવા માટેના ઉજળા સંજોગોમાની નીચેની અદાલતનો હુકમ રદ કરી રીવીઝન મંજુર કરતો હુકમ રાજકોટના એડી.સેશન્સ જજ બી.બી.જાદવે ફરમાવેલ છે. આ કેસમાં ફરિયાદી વતી રાજકોટના નામાંકીત

એડવોકેટ સુરેશ ફળદુ

એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા રોકાયેલા હતાં.

કુચીયાદળમાં ગોડાઉનમાંથી ૧૫.૨૮ લાખનો દારૂ ઝડપાયો

મહેશ્વરી અટકધારીએ ભાડે આપેલા આર. કે. ફાયર નામના ગોડાઉનમાં એરપોર્ટ પોલીસ મથકના પીઆઇ જી. એમ. હડીયા, પીએસઆઇ પરમાર અને ટીમનો દરોડોઃગોડાઉનમાં કોણે દારૂ ઉતાર્યો તેની તપાસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા. ૨

મોડી રાતે એરપોર્ટ પોલીસ સ્ટેશન હેઠળના કુચીયાદળ ગામમાં આવેલા એક ગોડાઉનમાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના ડી. સ્ટાફના હેડકોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલની બાતમી આધારે એરપોર્ટ પોલીસે દરોડો પાડી રૂા. ૧૫,૨૮,૦૦૦નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઇ આ ગોડાઉનના માલિક-સંચાલક અને દારૂ ઉતારનારાને શોધી કાઢવા તજવીજ હાથ ધરી છે.

પોલીસે કુચીયાદળમાં આવેલા આર. કે. ફાયર નામના ગોડાઉનમાં મોડી રાતે દરોડો પાડયો હતો. જેમાંથી મેકડોવેલ્સ નંબર ૧ની ૭૫૦ મી.લી.ની રૂા. ૫,૮૦,૮૦૦ની ૧૪૫૨ બોટલો, ઓલ સિઝન વ્હીસ્કીની ૭૫૦ મી.લી.ની રૂા. ૭,૨૦,૦૦૦ની ૧૪૪૦ બોટલો અને રોયલ ચેલેન્જની ૭૫૦ મી.લી.ની રૂા. ૨,૨૮,૦૦૦ની ૪૫૬ બોટલો મળી કુલ રૂા. ૧૫,૨૮,૦૦૦નો ૩૩૪૮ બોટલ દારૂ મળતાં કબ્જે કર્યો હતો.

પોલીસે પ્રાથમિક તપાસ કરતાં આર. કે. ફાયર નામનું ગોડાઉન કોઇ મહેશ્વરી અટક ધરાવતી વ્યક્તિનું છે. પોલીસે ગોડાઉન સંચાલક અને દારૂ ઉતારનારાને શોધવા તજવીજ હાથ ધરી છે.

ઉલ્લેખનિય છે કે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના ડી. સ્ટાફના હેડકોન્સ. અરવિંદભાઇ મકવાણા અને કોન્સ. વિરદેવસિંહ જાડેજા પેટ્રોલીંગમાં હતાં ત્યારે તેમને બાતમી મળી હતી કે, કુચીયાદળના ગોડાઉનમાં દારૂનો મોટો જથ્થો ઉતર્યો છે. આથી તેમણે રાત્રે પેટ્રોલિંગમાં રહેલા એરપોર્ટ પીઆઇ જી. એમ. હડીયાની જાણ કરતાં ઇન્ચાર્જ પોલીસ કમિશનર ખુરશીદ અહેમદ, ડીસીપી મનોહરસિંહ જાડેજા અને એસીપી એસ. આર. ટંડેલની સુચના મુજબ દરોડો પાડતાં લાખોનો દારૂ પકડાયો હતો. આ કામગીરીમાં એરપોર્ટ પીઆઇ જી. એમ. હડીયા સાથે પીએસઆઇ વી. સી. પરમાર, હેડકોન્સ. કે શુભાઇ વાઝા, વિક્રમસિંહ સોલંકી, કોન્સ. યશપાલસિંહ ઝાલા, મહાવીરસિંહ ચુડાસમા, દિવ્યરાજ સિંહ ચુડાસમા, વિજયભાઇ નકુમ અને કુવાડવાના હેડકોન્સ. અરવિંદભાઇ મકવાણા અને કોન્સ. વિરદેવસિંહ જાડેજા જોડાયા હતાં.

તા.૧૦ મી થીજૂના કોર્સ અને એકસટર્નલ યુનિવર્સિટીની પરીક્ષા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ૨૦૧૦ થી ૨૦૧૫ સુધીના તથા એમએલએકસના એનરોલમેન્ટ થયેલા વિદ્યાર્થીઓને વધુ એક તક આપવા માટે ૧૦ માર્ચથી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

૧૦મી માર્ચે આર્ટસ, કોમર્સ, બિઝનેસ મેનેજમેન્ટ, કોમર્સ, સાયન્સ, લો એજયુકેશન ફુકલ્ટીના જુદા જુદા કોર્સની પહેલા, ત્રીજા અને પાંચમાં સેમેસ્ટરના ૬ હજારથી વધુ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે અને યુનિવર્સિટી દ્વારા જણાવ્યું છે કે,બી.કોમ સેમેસ્ટર-૫નું તા.૧૦મીનું પેપર હરિવંદના કોલેજ મુંજકા ખાતે લેવાશે જયારે બાકીના વિષયોની પરીક્ષા હોલ ટિકિટ પ્રમાણે જ લેવામાં આવશે.

યુનિવર્સિટી દ્વારા લેવાનારી પરીક્ષામાં આર્ટસમાં બીએ, બીએસડબ્લ્યુ (ઓલ્ડ), જયારે બીએ અને એમએ સેમેસ્ટર-૧ (એકસટર્નલ), બિઝનેસ મેનેજમેન્ટમાં બીબીએ સેમેસ્ટર ૧-૩-૫ (ઓલ્ડ), કોમર્સમાં બી.કોમ સેમેસ્ટર ૧-૩-૫ અને એમ.કોમ એકસટર્નલ, સાયન્સમાં બીસીએ સેમેસ્ટર-૧-૩-૫, બીએસસી સેમેસ્ટર-૧-૩-૫, બીએસસી આઈટી સેમેસ્ટર-૧ની પરીક્ષા લેવાશે. જયારે લો ફેકલ્ટીમાં એલએલબી સેમેસ્ટર-૧-૩-૫ (ઓલ્ડ), બીએ એલએલબી સેમેસ્ટર-૩-૫-૭ અને એજયુકેશન ફેકલ્ટીમાં બી.એડ (૨ વર્ષ)ના કોર્સની પરીક્ષા લેવાશે. યુનિવર્સિટીની ૧૦મીથી લેવાનારી પરીક્ષાને લઈને કેન્દ્રો પણ ફાળવાયા છે.

ગુજરાતીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપો

સરકારી કચેરીઓમાં સંપૂર્ણ વહીવટ ગુજરાતી ભાષામાં કરાવવા મુખ્યમંત્રીને રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

નેશનલ યુથ પ્રોજેકટના પ્રમુખ રાજેશ જે. ભાતેલીયાએ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબને પત્ર પાઠવી આપણી ગુજરાતી ભાષાને કલાસીકલ (શાસ્ત્રીય)ભાષા તરીકે માન્યતા અપાવવા પ્રયત્નો કરવા વિનંતી કરી છે. આ માટે રાજય સરકાર દ્વારા આ અંગેનો ઠરાવ કરી અને કેન્દ્રની લોકપ્રિય સરકારને મોકલવા માંગણી કરે છે.

વધુમાં જણાવેલ છે કે, ઉરીયા ભાષાને તથા તમિલ, સંસ્કૃત, કન્નડ, મલયાલમ, તેલુગુને કલાસીકલ ભાષા તરીકે માન્યતા મળી ચુકી છે ત્યારે ગુજરાતી ભાષાને પણ કલાસીકલ ભાષા તરીકે સત્વરે માન્યતા મળે તે માટે રાજય સરકાર સત્વરે કાર્યવાહી કરે તેવી વિનંતી છે. આમ થવાથી ગુજરાતી ભાષાના વિકાસ માટે સારૂ એવુ ફંડ મળી રહેશે. જે અધિકારીને ગુજરાતીનો વ્યાપ વધતો રહેશે. પોસ્ટ ઓફીસ, બેંકો વિગેરે તમામ સરકારી - અર્ધસરકારી કચેરીનો સંપૂર્ણ વહિવટ ગુજરાતી ભાષામાં થતો રહે તે જરૂરી છે . ઈન્કમ ટેક્ષ રીર્ટન ફોર્મ પણ સરળ ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવવા વિનંતી કરાઇ છે.

ગુજરાતીમાં ધોરણ -૧૨ પાસ થનારને કલાર્કની જગ્યા માટે અને સંપૂર્ણ ગુજરાતી ભાષામાં ગ્રેચ્યુએટ થનારને તમામ સરકારી - અર્ધસરકારી કચેરીઓમાં વર્ગ -૧ અને ૨ માં સરકારી નોકરીમાં અગ્રતા આપવા અનુરોધ કરેલ છે.

ગુજરાતી ભાષાના વિકાસ માટે ગુજરાતી ભાષાને કલાસીકલ ભાષા તરીકે સત્વરે દરજ્જો મળે તે ખૂબ જરૂરી છે તેમ અંતે રાજેશ જે.ભાતેલીયાએ જણાવેલ છે.

ભૂમાફિયાઓએ કારખાનેદારની કરેલી હત્યાનો કેસ આજે સીઆઇડી ક્રાઇમ સંભાળશેઃ એસ.સી.એસ.ટી.સેલ અને રાજકોટ સીઆઇડી ક્રાઇમની ઓફિસમાં જાણ કરવામાં આવી

રાજકોટ ક્રાઈમ

બોરવેલના ધંધાર્થી પર હુમલો કરનાર ત્રિપુટી સામે વધુ એક ગુનો

રાજકોટ: વાવડીના શક્તિનગરમાં ગત ૨૦ તારીખે બોરવેલનું કામ કરવા ગયેલા હાર્દિક મોરવીયા ઉપર રહીમ જામનગરી, આમીન ટકો અને રાજુ મકવાણાએ છરી, ધોકાથી હુમલો કરી તોડફોડ કર્યાની ફરિયાદ નોંધાવી હતી. આ બનાવના આગલા દિવસે સુપરવાઈઝર ગૌતમ ચંદુલાલ વાળા ઉપર પણ આ જ ત્રિપુટીએ હલણ બાબતે ઝઘડો કરી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોય જેથી ત્રણેય સામે તાલુકા પોલીસમાં વધુ એક ફરિયાદ નોંધાવતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી છે.

બે દિવસ પૂર્વે રસોઈ બનાવતી વેળાએ દાઝેલી પરિણીતાનું મોત

રાજકોટ: કોઠારિયા રોડ ઉપર રહેતા રીધ્ધીબેન દેવાંગભાઈ વડગામ (ઉ.વ.૨૫) નામની પરિણીતા બે દિવસ પૂર્વે રસોઈ બનાવતી હતી ત્યારે અકસ્માતે દાઝી જતા સારવાર અર્થે હોસ્પિટલે ખસેડાઈ હતી અહીં બે દિવસની સારવાર દરમ્યાન મોત થતા આજી ડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી મહિલાના મોતથી એક પુત્રએ માતાનું છત્ર ગુમાવતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

૨૧૮ ગ્રામ ગાંજા સાથે શખ્સ ઝડપાયો

રાજકોટ:માદક પદાર્થોની હેરાફેરી ઉપર ખાસ વોચ રાખવાની સુચના અન્વયે બી ડીવીઝન પીઆઈ એમ બી ઔસુરા અને ટીમે મોડી રાત્રે બાતમી આધારે ભગવતીપરામાં દરોડો પાડી હારૂન ઘોઘાભાઈ બુધીયા (ઉ.વ.૪૪) ને દબોચી લઈ જડતી લેતા તેની પાસેથી ૨૧૮ ગ્રામ ગાંજો મળી આવતા ૨૧૭૦ નો ગાંજો અને રોકડા ૩૦૦૦ મળી કુલ ૫૧૭૦ ની મતા કબજે કરી પુછતાછ કરતા પોતે ડ્રાઈવીંગ કામ કરતો હોય સુરતથી પીવા માટે લાવ્યો હોવાની કબુલાત આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

માતાએ ઠપકો આપતા દીકરીએ એસીડ પી જીવન ટુકાવ્યું

રાજકોટ: જામનગર રોડ ઉપર મનહરપુરગામમાં ઘઉંના ગોડાઉન પાસે રહેતી શોભનાબેન પ્રેમજીભાઈ ચૌહાણ (ઉ.વ.૧૮) નામની યુવતીએ વહેલી સવારે ઘરે એસીડ પી લેતા હોસ્પિટલે ખસેડાઈ હતી અહીં બપોરે સારવારમાં મોત થતા યુનિવર્સિટી પોલીસના સ્ટાફે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી પ્રાથમિક તપાસમાં મૃતક બે બહેન હોવાનું અને માતાએ કોઈ બાબતે ઠપકો આપતા આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

વાહનની ચાવી અંગે શંકા કરી હુમલો કર્યો

રાજકોટ:મુંજકા રહેતો નિલેષ ચતુરભાઇ રાઠોડ (ઉ.વ.૨૫) રાતે માધાપર ચોકડીએ પેટ્રોલ પંપ સામે હતો ત્યારે તેના જ પરિચિત મુખ્તાર નામના શખ્સે ઝઘડો કરી પાઇપથી ફટકારતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં ચોકીના હેડકોન્સ. આર. એસ. સાંબડે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.નિલેષના મિત્રના કહેવા મુજબ નિલેષ ઇકો ગાડીના ફેરા કરે છે. તે રાતે જામનગરથી ગાડી લઇને આવ્યો ત્યારે મુખ્તાર ત્યાં ઉભો હોઇ તેની એકસ્સેસની ચાવી ખોવાઇ ગઇ હોય ચાવી નિલેષ લઇ ગયો હોવાની શંકા કરી તું જ મારી ચાવી લઇ ગયો છો તેમ કહી ઝઘડો કરી હુમલો કર્યો હતો.

જંગલેશ્વરમાંથી વિદેશી દારૂની સાત બોટલ સાથે એક પકડાયો

જંગલેશ્વરમાંથી વિદેશી દારૂની સાત બોટલ રૂમ.૩૫૦૦ના મુદ્દામાલ સાથે રજાક ઘાંચીને ભકિતનગર પોલીસે દબોચી લીધો હતો.દરોડા વિગત અનુસાર ભકિતનગર પોલીસ મથકના પી.આઈ.એલ.એલ.ચાવડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.જે.કામળીયા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ મકરાણી અને કોન્સ્ટેબલ તરૂણભાઈ જાનીને મળેલ બાતમીના આધારે જંગલેશ્વરના આર.એમ.સી બગીચા પાસેથી રજાક ઉર્ફે જીગો ગદાર પરમાર (ઉ.વ.૩૪) (રહે. જંગલેશ્વર)ને વિદેશી દારૂની સાત બોટલ રૂમ.૩૫૦૦ના મુદ્દામાલ સાથે દબોચી આ દારૂની સાત બોટલ રૂમ.૩૫૦૦ના મુદ્દામાલ સાથે દબોચી આ દારૂનો જથ્થો કર્યાથી લાવેલ તે અંગે પૂછપરછ હાથ ધરી હતી.

રાજકોટ જેલનો આજીવન કેદનો ફરાર કેદી માળિયાથી ઝડપાયો

મોરબી: પાકા કામનો કેદી નં ૪૭૩૦૩ સોયેબ હૈદર જેડા રહે-કુંભારપરા ભાવનગર વાળો ભાવનગર ડી ડીવીઝન પોલીસ મથકના વિસ્તારમાં સને ૨૦૧૧ ના વર્ષમાં ખૂનના ગુણમાં સંડોવાયેલ હોય જે આરોપીને એડી. સેસન્સ કોર્ટ ભાવનગર દ્વારા સને ૨૦૧૫માં આજીવન કેદની કરવામાં આવેલ હતી જે આરોપી સોયેબને ૨૦૧૫ થી રાજકોટ જીલ્લા જેલમાં સજા ભોગવતો હોય અને પાકા કામના કેદી ગત તા.૨૪-૧૧-૨૦૨૧ ના રોજ ૧૪ દિવસની ફર્લો રજા પર છુટેલ જેને તા.,-૦૯-૧૨-૨૦૨૧ રાજકોટ જેલ ખાતે હાજર થવાનું હોય પણ તે હાજર ન થઇ ફરાર થતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી જેને પગલે મોરબી પેરોલ ફર્લો સ્કોવડની ટીમે માળિયા તાલુકાના ખીરઈ ગામેથી પકડી પાડી રાજકોટ જેલ ખાતે મોકલવી આપવામાં આવેલ છે.

ગોંડલ ચાર્ડમાં ડુંગળીની રેકોર્ડબ્રેક ૨ લાખ કટ્ટાની આવક

ચાર્ડની બંને બાજુ ૬-૬ કિમી લાંબી વાહનોની લાઈન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨

આજે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની રેકોર્ડબ્રેક આવક થઈ છે. સૌરાષ્ટ્રનું સૌથી મોટુ ગણાતું ગોંડલ માર્કેટ યાર્ડ આજે ડુંગળની થયેલી રેકોર્ડબ્રેક આવકથી ટૂંકુ પડ્યું છે. એક જ દિવસમાં આશરે ૨ લાખ કટ્ટા ડુંગળીની આવક થતા બાજુના ખેતરો ભાડે રાખવા પડ્યા છે. તેમજ યાર્ડની બંને બાજુ ૬-૬ કિલોમીટર લાંબી ડુંગળી ભરેલા વાહનોની લાઈન લાગી છે. ગોંડલ માર્કેટ યાર્ડની બહાર અંદાજે ૧૫૦૦થી વધુ ડુંગળી ભરેલા વાહનોની લાંબી લાઈન લાગી છે. ડુંગળીની આવક વધુ થતા યાર્ડના સત્તાધિશોને બાજુના ખેતરો ભાડે રાખવાની ફરજ પડી છે. સૌરાષ્ટ્રભરમાંથી ૧૫૦૦થી વધુ ખેડૂતો પોતાનો ડુંગળીનો પાક વેચવા ગોંડલ યાર્ડ ખાતે પહોંચ્યા છે.

એક મણ ડુંગળીનો ભાવ ૮૦થી ૪૯૦ રૂપિયા સુધી બોલાયોઃ સૌરાષ્ટ્રભરમાંથી ૧૫૦૦થી વધુ ખેડૂતો ડુંગળી વેચવા આવ્યા

એક મણ ડુંગળીનો ભાવ ૮૦થી ૪૯૦ રૂપિયા સુધી બોલાયો છે. ગોંડલ, જેતપુર, કોટડાસાંગાણી સહિતના આસપાસના વિસ્તારોમાં ડુંગળીનું રેકોર્ડબ્રેક ઉત્પાદન થતા ખેડૂતો પોતાનો ડુંગળીનો પાક વેચવા ગોંડલ યાર્ડ ખાતે પહોંચ્યા છે.

સૌરાષ્ટ્રમાં ડુંગળીના સારા ભાવ ગોંડલ માર્કેટ યાર્ડમાં મળે છે. આથી સૌરાષ્ટ્રભરના ખેડૂતો અહીં ડુંગળી વેચવા માટે પ્રાથમિકતા દાખવે છે. આ વર્ષે સારા વરસાદને કારણે સૌરાષ્ટ્રમાં ડુંગળીનું મબલક ઉત્પાદન થયું છે. ગોંડલ માર્કેટ યાર્ડમાં ગુજરાત ઉપરાંત આસપાસના રાજ્યના વેપારીઓ ડુંગળીની ખરીદી કરવા આવે છે.

વોર્ડ નં.૧ માં પાણી પાઈપલાઈન નાખવાના કામનું ખાતમુહુર્ત કરતા નીતિન ભારદ્વાજ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

વોર્ડનં.૧માં વરસાદી પાણીના નિકાલ માટે અમીધારા એવન્યુ, કૈલાશધારા સોસાયટીના કોર્નરથી આલાપ ગ્રીન સીટી (રૈયા રોડ) સુધી ૪૫૦ મી.મી.ડાયાની સ્ટ્રોર્મ વોટર પાઈપ લાઈન નાખવાના કામનું ખાતમુહૂર્ત પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ શહેર મહિલા મોરચાના પ્રભારી અંજલીબેન રૂપાણી, તથા શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુરના વરદ હસ્તે કરવામાં આવ્યું અંદાજીત રૂા.૧૨ લાખના ખર્ચે કરવામાં આવેલ આ કામથી સોસાયટીના વર્ષો જુના પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવશે.

આ ખાતમુહૂર્તમાં વોર્ડના કોર્પોરેટરો હિરેનભાઈ ખીમાણીયા, ભાનુબેન બાબરીયા, અલ્પેશભાઈ મોરઝરીયા, દુર્ગાબા જાડેજા, વોર્ડ પ્રમુખ હિતેશભાઈ માડ, વોર્ડ મહામંત્રી જયરાજસિંહ જાડેજા, કાનાભાઈ ખાણધર, શિક્ષણ સમિતિ સદસ્ય તેજશભાઈ ત્રિવેદી, ભાજપ અગ્રણી જયદીપસિંહ જાડેજા, મહિલા મોરચાના પ્રમુખ સેજલબેન ચોધરી, જયોતિબેન હિંગુ, રમાબેન વાઘેલા, પાયલ સંચાણીયા, કમળાબેન આહિર, વિપુલભાઈ શુકલા, પરેશભાઈ સખીયા, જતીનભાઈ ભટ્ટ, સતીશભાઈ ભરવાડ, ગોવિંદભાઈ બંભવા, હસુભાઈ ચુડાસમા, ગંભીરસિંહ, મગનભાઈ પટેલ, ભરતસિંહ પરમાર, પ્રવીણભાઈ જેઠવા, ભરતભાઈ મુલીયાણા, દિગેશ વાઘેલા, દર્શન પંડ્યા, ભાવિન ચોટલીયા વિગેરે ઉપસ્થિત રહયા હતા.(૧)

ભાગીદારી પેઢીનાં વિસર્જન અંગેની જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસ આપી જણાવવાનું કે, રાજકોટ મુકામે 'શ્રીનાથજી એન્ટરપ્રાઈઝ'નાં નામથી ભાગીદારી પેઢી કે જેનાં ધંધાનું સ્થળ ૩૦૬, મેટ્રો પ્લાઝા, ઈગલ ટ્રાવેલ્સ પાસે, મોટી ટાંકી પાસે, રાજકોટ ખાતે હતું, તે પેઢી તા.૧૦/૧૨/૨૦૧૪ નાં ભાગીદારી દસ્તાવેજ મુજબ અમલમાં આવેલી. આ પેઢીમાં (૧) શ્રી સમીરભાઈ શૈલેષભાઈ પટેલ (૨) શ્રી રાજેશભાઈ પરબતભાઈ હીરાણી (૩) સાહીલ જયંતીલાલ પાડલીયા (૪) દિપક માધવજીભાઈ તળપદા (૫) મહેશભાઈ લાભશંકર શીલુ એમ કુલ પાંચ (૫) ભાગીદારો હતાં. આ ભાગીદારી પેઢીનાં પાર્ટનર નં. ૫- અમો મહેશભાઈ લાભશંકર શીલુ સક્રીય વહીવટકર્તા ભાગીદાર હતાં.

આ ભાગીદારી પેઢીનાં ભાગીદારોએ તેઓનાં અંગત કારણસર પરસ્પરની સમંતીથી આ ભાગીદારી પેઢીનું વિસર્જન તા.૧૫/૦૪/૨૦૧૯ નાં રોજથી કરેલ છે અને દરેક ભાગીદારોએ પોતપોતાનાં હીસાબો સમજી લીધેલ છે. તેમજ આ ભાગીદારી પેઢીનાં એચ.ડી.એફ.સી. બેન્ક અને વિજય કોમર્શીયલ કો- ઓપરેટીવ બેન્ક લી.માં જે ચાલુ ખાતાઓ હતાં, તે બંધ કરવા અંગેની જાણ પણ જે તે બેન્કને કરી આપેલ છે. આમ, ઉપરોકત 'શ્રીનાથજી એન્ટરપ્રાઈઝ નામની પેઢીનું વિસર્જન તા.૧૫/૦૪/૨૦૧૯ થી થયેલ છે અને જેથી હવે તે તારીખથી આ પેઢી બંધ થયેલ છે અને ઉપરોકત પાંચ ભાગીદારો માહેથી કોઈપણ ભાગીદાર હવેથી આ પેઢીનાં ભાગીદાર તરીકે કે બીજા ભાગીદારનાં એજન્ટ તરીકે કામ કરવા અધિકૃત નથી.

આ બાબતની જાણ તમામ સબંધકર્તાને આ જાહેર નોટિસથી કરવામાં આવે છે.

(મહેશભાઈ લાભશંકર શીલુ)
ઉપરોકત પેઢીનાં સક્રીય વહીવટકર્તા ભાગીદાર

સૌરાષ્ટ્રના જાણીતા વકીલ અને કલબચુવીના ચેરમેન મહેન્દ્ર ફળદુનો ગળેફાંસો ખાઈ આપઘાત

આત્મહત્યા પાછળ ઓઝોન ગ્રુપ જવાબદાર, મારી ૩૩ કરોડની મિલકતના દસ્તાવેજ કરી આપતા નથીનો પ્રેસનોટમાં ઉલ્લેખ

પ્રેસને સવારે માહિતી મોકલી અને ત્યારબાદ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ નક્ષત્ર બિલ્ડિંગમાં પમાં માળે કલ્પતરૂ પ્રોપર્ટીની ઓફિસમાં આપઘાત કર્યો

તમામ પ્રેસને સુસાઈડ નોટ લખી મોકલી તેમાં એડવોકેટ મહેન્દ્ર ફળદુએ ઉલ્લેખ કર્યો છે કે હું મહેન્દ્ર ફળદુ આ સાથે ની પ્રેસ નોટ મુજબ આત્મહત્યા કરી રહ્યો છું

આ માટે ટસ્કની - ઓઝોન ગ્રુપ જ જવાબદાર છે. મારી ૩૩ કરોડની મિલ્કતના દસ્તાવેજ કરી આપતા નથી. મારા ગ્રુપના સીતેર કરોડના દસ્તાવેજ છે. અમિત ચૌહાણ, એમ.એમ.પટેલ,અતુલ મહેતા અને અમદાવાદ લોકો જ જવાબદાર છે. મને ખુબજ હેરાન કરેલ છે મારા ઉપર ફરિયાદો કરે છે, ધમકીઓ આપે છે, મને મારવા માટે દવા પીવા માટે આ લોકો જ જવાબદાર છે મારું અને મારા પરિવારનો હવે વિશ્વાસ આપ પ્રેસ ઉપર છે અમોને ન્યાય અપાવજો મારા પરિવારનું તમો ધ્યાન રાખજો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ.તા.૨

રાજકોટના જાણીતા ઉદ્યોગપતિ અને સૌરાષ્ટ્રની જાણીતી કડવા પાટીદાર સમાજની સંસ્થા યુવી કલબના ચેરમેન મહેન્દ્ર ફળદુએ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઇ છે. મહેન્દ્ર ફળદુએ આપઘાત કરતા પહેલા એક સ્યુસાઈડ નોટ પણ લખી રાખી હતી અને તે દરેક અખબારમાં મોકલવામાં આવી હતી. બાદમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલી પોતાની ઓફિસમાં ઝેરી દવા પી તેમજ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જેની જાણ થતાની સાથે જ તેમના મિત્ર વર્તુળો તેમજ રાજકીય આગેવાનો પહોંચી ગયા હતા અને મૃતદેહને સિવિલ હોસ્પિટલ લાવી કાર્યવાહી હાથ ધરી છે. સ્યુસાઈડ નોટરૂપી પ્રેસનોટમાં તેમને આપઘાત પાછળ ઓઝન ગ્રુપ જવાબદાર હોવાનો ઉલ્લેખ કર્યો છે. અને લખ્યું છે કે, મારી ૩૩ કરોડની મિલકતના દસ્તાવેજો કરી આપતા નથી.

મહેન્દ્ર ફળદુએ આત્મહત્યા કરતા પહેલા એક સ્યુસાઈડ નોટરૂપી પ્રેસનોટ લખી હતી જે દરેક અખબારોમાં મોકલી હતી. આ પ્રેસનોટમાં તેમને તેમના આપઘાત પાછળ ઓઝોન ગ્રુપ જવાબદાર હોવાનું જણાવ્યું છે. સાથે જ અમિત ચૌહાણ, એમ.એમ.પટેલ , અતુલ મહેતા અને અમદાવાદના લોકો જવાબદાર હોવાનો ઉલ્લેખ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, મહેન્દ્ર ફળદુને સંતાનમાં એક જ દીકરો છે જેનું નામ પ્રિયાંક ફળદુ છે. એ પણ પિતાના વ્યવસાયમાં સાથે કામ કરતા હતા અને થોડો સમય પહેલા જ તેમના લગ્ન થયા હતા. ગઇકાલે રાત્રિના મહેન્દ્ર ફળદુએ ઓફિસ સ્ટાફને સવારે ઓફિસ મોડું આવવા માટે સૂચના આપી હતી અને પોતે સવારે ૮.૩૦ વાગ્યે ઘરેથી નીકળી સીધા ઓફિસ પહોંચ્યા હતા અને ઓફિસ પહોંચી આત્મહત્યા કરી લીધી હતી.

સ્યુસાઇડ નોટરૂપી પ્રેસનોટમાં વધુમાં જણાવ્યું છે કે, રાજકોટ શહેરનાં આગેવાન, સિનિયર એડવોકેટ, બિલ્ડર અને પાટીદાર આગેવાન એવા મહેન્દ્રભાઈ કે. ફળદુએ 'સકે ધી બેસ્ટ પુ એ કાપે' રાજકોટ શહેરનાં બિલ્ડર એમ.એમ. પટેલ (સુરેજા), અમિતભાઈ ચૌહાણ, અતુલભાઈ મહેતા તથા અમદાવાદનાં ઓઝોન ગ્રુપનાં જયેશકુમાર કાન્તિલાલ પટેલ, દીપક મણીલાલ પટેલ, પ્રકાશ ચંદુલાલ પટેલ, પથકુમાર કાન્તિલાલ પટેલ સાથે મળીને અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાનાં ગામ બલદાણામાં આશરે પાંચેક લાખ વાર જગ્યામાં ધ તસ્કની બીચ સિટીનાં નામનો પ્રોજેક્ટ બનાવી રહ્યા છે.

આ પોજેક્ટમાં મહેન્દ્ર કેશવલાલ ફળદુએ પોતાનાં નામે, તેમનાં સગા-વ્હાલાનાં નામે આશરે ૪૮૦૦૦ ચારસ વાર જમીન વર્ષ ૨૦૦૭માં બૂક કરી હતી. તે જ રીતે તેનાં નાના ભાઈ રમેશ કેશવલાલ ફળદુ, શૈલેષ કેશવલાલ ફળદુ, તેનાં કાકા વિનયકાંત ટી. ફળદુ સહિતનાં અન્ય લોકોએ આશરે એક લાખ વાર જગ્યા મહેન્દ્ર ફળદુ મારફતે બૂક કરાવી હતી અને તેનું પેમેન્ટ પણ વર્ષ ૨૦૦૭માં જ કરી આપ્યું છે. આ રકમ આશરે ત્રણ કરોડથી વધારે થાય છે. આ રકમ પણ વર્ષ ૨૦૦૭માં જ કંપનીમાં જમા કરાવી હતી.

ભાજપના આગેવાનો અને મિત્રો દોડી ગયા

રાજકોટ: બનાવની જાણ થતા તેમના પરિવારજનો મિત્રો તેમજ રાજકીય આગેવાનો સિવિલ હોસ્પિટલ આવી પહોંચ્યા હતા. રાજકોટ મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કર પટેલ તેમના નજીકના મિત્ર છે તેઓ પણ આજે આ બનાવ બનતા અવાચક થઈ ગયા હતા. મિત્ર મહેન્દ્રભાઈ ક્યારે આવું પગલું ભરે તેવું સ્વપને પણ વિચારી શકાય તેમ ન હતું પરંતુ આજે આ ઘટના બનતા સૌ કોઈ લોકો શોક થઇ ગયા છે. હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી કાર્યવાહી હાથ ધરાઇ છે જ્યાં મોટી સંખ્યામાં તેમના સંબંધીઓ, મિત્રો, રાજકીય આગેવાનો અને પરિવારજનો આવી પહોંચ્યા છે.

વધુમાં જાણવા મળતી વિગત મુજબ આ બાબતે કંપની, કંપનીના ભાગીદારો સાથે ઘણા સમયથી વાદ-વિવાદો ચાલતાં હતાં, કંપનીવતી બુકિંગમાં મધ્યસ્થી તરીકે મહેન્દ્ર ફળદુ હતા, **(અનુ.પાના નં.૪ ઉપર)**

ઉનાળો જામે તે પહેલા રાજકોટમાં પાણી કાપની મૌસમ શરૂ

શુક્રવારે વોર્ડ નં. ૨, ૩, ૭ અને ૧૪ નાં અમૂક વિસ્તારોમાં પાણીકાપઃ મનપા વોટર વર્કસ શાખાની યાદીમાં જાહેરાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨

રાજકોટ શહેરમાં હજુ તો ઉનાળો શરૂ થઇ રહ્યો છે. ત્યાં તો શહેરીજનોનાં માથા પર પાણીની સમસ્યાનાં હથોડા ઝીંકાવા લાગ્યા છે. ઉનાળાની મૌસમની સાથે જ પાણી કાપની મૌસમ પણ શરૂ થઇ ગઈ છે. રાજકોટમાં તા.૪ માર્ચને શુક્રવારનાં રોજ જયુબેલી હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારોમાં કેનાલ સાઈડનાં વિસ્તાર, જંકશન તથા જિલ્લા ગાર્ડનનાં કેટલાક વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે. તેવું મનપા વોટર વર્કસ શાખાની યાદીમાં જાહેર કરવામાં આવ્યુ છે. મનપાની યાદી અનુસાર મનપા વોટર વર્કસ- સેન્ટ્રલ ઝોન અંતર્ગત જયુબેલી પમ્પીંગ સ્ટેશન પર જૂની પેનલ કાઢીને નવી એમસીસી તેમજ એપીએફસી પેનલ ફીટીંગ કરવાની હોવાથી વોર્ડ નં.૨ પાર્ટ, ત્રણ પાર્ટ, વોર્ડ નં. ૭ પાર્ટ (કેનાલ અને જંકશન સાઈડનાં વિસ્તારો તથા જિલ્લા ગાર્ડન હેડવર્કસ હેઠળનાં) વોર્ડ નં. ૭ પાર્ટ તથા વોર્ડ નં. ૧૪ પાર્ટમાં પાણી વિતરણ બંધ રહેશે. યાદી અનુસાર કેનાલ રોડ તરફ વોર્ડ નં. ૭ નાં રઘુવીરપરા , સોનીબજાર, ધર્મેન્દ્ર રોડ, ખત્રીવાડ, લાખાજીરાજ રોડ તથા અન્ય વિસ્તાર તેમજ વોર્ડ નં.૩ નાં મોચીનગર, પરસાણાનગર, જંકશન પ્લોટ સોસાયટી વિસ્તારને પાણી નહીં મળે, જયુબેલી જંકશન તરફ વોર્ડ નં.૨ શ્રોફ રોડ, હરિલાલ ગોસલીયા માર્ગ, સરકારી ક્વાટર્સ, સાયલાનો ઉતારો, નકુમ શેરી, પ્રેસ રોડ, રૂડા ઓફીસ વિસ્તાર, ગોંડલનો ઉતારો, આરતી એપાર્ટમેન્ટ, તાર ઓફીસ પાછળ, ગણાત્રાવાડી, દાતારનો તકિયો, સિવિલ હોસ્પિટલ તેમજ વોર્ડ ૭ માં કરણપરા, પ્રહલાદ પ્લોટ, રામનાથપરા, દીવાનપરા, હાથીખાના, કોટક શેરી, વર્ધમાનનગર તેમજ જિલ્લા ગાર્ડન તરફ વોર્ડ નં.૧૪ માં લક્ષ્મીવાડી, ગુંદાવાડી, કેવડાવાડી, લલુડી વોકળી, બાપુનગર, બાપુનગર સ્લમ ક્વાર્ટર, ગોવિંદપરા, કોઠારીયા કોલોની (પાર્ટ), પુજારા પ્લોટ (પાર્ટ), સોરઠીયાવાડી, જયરાજ પ્લોટ, કુંભારવાડા, હાથીખાના (પાર્ટ), સોરઠીયા પ્લોટ, ઘાંચીવાડ, નવયુગપરા, મીલપરા (પાર્ટ)માં પાણી વિતરણ બંધ રહેશે.(૨.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

શ્રદ્ધાંજલિ | સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

-:શ્રધ્ધાંજલિની જાહેર ખબર:-

ફિક્સ સાઇઝ (અંદરના પાને) 5 x 2 : 200 Rs. +5%GST

ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ક૦૩.(Per C.C) ચાર્જ થશે

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426

કોર્ટ પાસે નવા બનતા બ્રિજની સાઈડનો રસ્તો બંધ કરી દેવાતા વાહન ચાલકોને હાલાકી

રાજકોટઃ સિવીલ હોસ્પિટલ પાસે નવા બંધાતા બ્રિજની સાઈડમાં જંકશનથી કોર્ટ તરફના રસ્તે ટ્રાફિક વોર્ડન દ્વારા જુની મામલતદાર કચેરી તરફ જવાનો સાઈડનો રસ્તો ટ્રાફિક વોર્ડન દ્વારા વારંવાર બંધ કરી દેવામાં આવતા વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ જગ્યા પર હાજર ટ્રાફિક વોર્ડનો પોલીસ સ્ટાફને જવા માટે રસ્તો ખોલી આપતા હોય જયારે અન્ય વાહન ચાલકો માટે આ રસ્તો બંધ કરી દેતા હોય જેના કારણે ટ્રાફિક વોર્ડનો સાથે અનેકવાર વાહનચાલકોને જીભાજોડી કરવી પડી રહી હોય જેના કારણે વાહન ચાલકોમાં રોષ જોવા મળી રહ્યો હતો.

મનપાની વેરા વસુલાત શાખા દ્વારા

૧૦ મિલકતો સીલ, ૧૫ મિલકતોને ટાંચ જપ્તી નોટિસ, ૬૮.૨૮ લાખની રિકવરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨

રાજકોટમાં મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા ૧૦-મિલ્કતોને સીલ કરેલ તથા ૧૫-મિલ્કતોને ટાંચ જમી નોટીસ તથા રૂ. ૬૮.૨૮ લાખ રિકવરી કરેલ છે.

જેમાં વોર્ડ નં- ૩માં HCG હોસ્પિટલના બાકી માંગણા સામે રૂ. ૨૫.૯૩ લાખ રિકવરી. વોર્ડ નં- ૪માં કુવાડવા રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે ટાંચ જમીની નોટીસ આપેલ છે. વોર્ડ નં- ૫માં સંત કબીર રોડ પર આવેલ ૪-કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે ટાંચ જમીની નોટીસ આપેલ છે. વોર્ડ નં- ૭માં લાખાજીરાજ રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટને બાકી માંગણા સામે ટાંચ જમીની નોટીસ આપેલ છે, ભુપેન્દ્ર રોડ પર આવેલ એક્સીસ બેંકના બાકી માંગણા સામે રૂ. ૫.૨૯ લાખ રિકવરી. વોર્ડ નં- ૮માં કાલાવડ રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧ લાખ રિકવરી. વોર્ડ નં- ૧૦માં નિર્મલા રોડ પર આવેલ રહેણાંક યુનિટના બાકી માંગણા સામે રૂ. ૪૬ હજાર રિકવરી. વોર્ડ નં- ૧૪માં ઇન્ડસ્ટ્રીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧.૫૪ લાખ રીકવરી. વોર્ડ નં- ૧૭માં કોઠારિયા રોડ પર આવેલ ૩-કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે ટાંચ જમીની નોટીસ આપેલ છે, કોઠારિયા મેઇન રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧.૨૫ લાખ રિકવરી. વોર્ડ નં- ૧૮માં કોઠારિયા રીંગ રોડ પર આવેલ શૈક્ષણિક સંસ્થાના બાકી માંગણા સામે રૂ. ૩.૪૬ લાખ રિકવરી કરી છે. આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, નિરજ વ્યાસ, વિવેક મહેતા તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ તથા વોર્ડ ક્લાર્ક દ્વારા આસી. કમિશ્નર કગથરા, સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રિકવરીની કામગીરી ચાલુ છે.(૧૩)

આજે કોરોનાનો એક નવો કેસ નોંધાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨

રાજકોટ શહેરમાં આજે એક નવો કેસ નોંધાયો છે. ગઇકાલે કોરોનાના ૮ કેસ નોંધાયા હતા. ગઇકાલે ૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપ્યા પછી જિલ્લામાં હવે ૬૮ એક્ટિવ કેસ રહ્યા છે.ગ્રામ્ય વિસ્તારમાં એક પણ કેસ નોંધાયો નથી જિલ્લાના ૧૧ તાલુકામાં શૂન્ય કેસ રહ્યા છે. આ સાથે ગ્રામ્યમાં અત્યાર સુધીમાં ૨૦૬૪૨ સંક્રમિતો નોંધાયા, જેમાંથી હાલ ૨૩ એક્ટિવ કેસ છે.

અત્યાર સુધીમાં ૬૩૬૬૨ સંક્રમિતો નોંધાયા, જેમાંથી હાલ ૪૫ એક્ટિવ કેસ છે.

ગુજરાતમાં ચૂંટણીઓ પહેલા પોલીસતંત્રમાં બદલીઓનો મોટો ઘાણવો નિકળશે?

ટોપ ટુ બોટમ ઉચ્ચ અધિકારીઓ માનીને નીચલા સ્તરનાં અફસરોની બદલીઓ નક્કી

કેટલાક અધિકારીઓનો ત્રણ વર્ષનો સમયગાળો પૂરો થઇ ગયા છતાં હજુ બદલાયા નથી!: ચોક્કસ જગ્યા પર લાંબો સમય રહ્યા હોવાથી કેટલાક અધિકારી તો ચાતક વર્ષાની રાહ જોવે તેમ બદલીની રાહ જોઈ રહ્યા હોવાના સંકેતો

આઈજીપી કક્ષાનાં સંખ્યાબંધ અધિકારીઓની મોટાપાયે વ્યાપક બદલીઓ માટે નવી સરકાર સજ્જ થઇ રહી હોવાની સંભાવના

ઓછામાં ઓછા ૭૫ થી ૯૦ જેટલા અધિકારી અને કર્મીઓની બદલીની સંભાવના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨

ગુજરાતની ભાજપ સરકારનાં સુકાની અને સમગ્ર મંત્રી મંડળની ફેરબદલી થઇ હોવાને કારણે પૂર્વ સરકારોનાં સમયથી નક્કી થઇ ગયેલો બદલીઓનો મોટો ઘાણવો હવે નીકળે અને ટોચનાં અધિકારીઓની વ્યાપકપણે ફેરબદલીઓ કરવામાં આવે તેવી શક્યતા પોલીસતંત્રનાં જાણકાર સુત્રોએ વ્યક્ત કરી છે. પોલીસતંત્રમાં ઊંડા સંપર્કો ધરાવતા વિશ્વસનીય સુત્રો જણાવે છે એ મુજબ અને ગૃહ મંત્રાલયનાં સુત્રોનાં કથન અનુસાર આગામી દિવસોમાં જ રાજ્યનાં પોલીસતંત્રમાં જોરદાર અને વ્યાપક ફેરફારોનો ઘાણવો નીકળી શકે છે. આઈજીપી થી માંડીને નીચેની કક્ષાનાં પોલીસ અધિકારીઓની વ્યાપક પ્રમાણમાં બદલીઓ થવાની સંભાવના છે.

જાણવા મળ્યા મુજબ બદલીઓની આખી યાદી ગત સરકાર વખતે નક્કી થઇ ગઈ હતી. પણ કોઈ કારણોસર ઘાણવો નિકળ્યો ન હતો. હવે નવી સરકાર રચાયા બાદ અન્ય મહત્વનાં વહીવટી કામોને કારણે નવી સરકાર પણ બદલીઓનો તૈયાર થયેલો ઘાણવો અમલમાં લાવી ન હતી શકી. પરંતુ હવે ભુપેન્દ્ર પટેલ સરકાર આગામી દિવસોમાં જ પોલીસ અધિકારીઓની મોટાપાયે અદલા- બદલીઓ કરે એવી સંભાવના નિશ્ચિત બની છે.

ઘણા ઉચ્ચ કક્ષાનાં પોલીસ અધિકારીઓ અત્યારે જે જગ્યા પર છે ત્યાં એમનો ત્રણ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થઇ ચુક્યો છે. પણ આખે આખી સરકાર બદલાઈ હોવાથી બદલીની પ્રક્રિયા થઇ ન હતી. કહેવાય છે કે, આઈજીપી કક્ષાનાં કેટલાક અધિકારીઓ તો ચાતક વર્ષાની રાહ જોતો હોય તેમ બદલીની રાહ જોઈ રહ્યા હોય તેવું જાણવા મળ્યું છે. કેટલાક અધિકારીઓની પરફોર્મન્સને આધારે બદલી સંભવ છે તો કેટલાકની નબળી કામગીરીને લીધે જગ્યાઓ બદલવામાં આવે તેવી શક્યતા છે. આમ પણ વિધાનસભાની ચૂંટણીઓ નજીક હોવાથી દરેક સરકારો ચૂંટણી સમયે ચોક્કસ વિસ્તારોમાં અનુકુળ અધિકારીઓને ગોઠવવાની પધ્ધતિ અજમાવતી જ હોય છે. એટલે ટૂંક સમયમાં પોલીસદળમાં બદલીઓની જબરદસ્ત કવાયત શરૂ થઇ જવાનો પૂરો સંભવ છે.

જાણકાર સુત્રોનાં જણાવ્યા અનુસાર ઓછામાં ઓછા ૭૫ થી ૯૦ જેટલા ઉચ્ચ અને મધ્યમ કક્ષાનાં પોલીસ અધિકારીઓની બદલીઓ થવાની શક્યતા છે. ગૃહ મંત્રાલય દ્વારા યાદીને આખરી ઓપ આપી દેવાઈ અને કેબિનેટની મંજૂરી મળી જાય એટલે જાહેરનામું બહાર પડી જશે.(૨.૧૨)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.